# બુદ્ધિપ્રભા.


(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यवच्छेदकम्
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

---

વર્ષ ૪ થું. તા. ૧૫ મી સપ્ટેંબર. સન ૧૯૧૨ અંક ૬ ઠ્ઠો.

---


## आत्मशक्ति खीलव

કવ્વાલિ.

મળી છે જન્મથી શકિત, તનુ વાણી અને મનની;
ખીલવ ! તું બહુ ઉપાયોથી, મળેલી શકિતયોને ઝટ. ૧
ખરૂં તે જન્મથી સાથે, સકલ સાધનવિષે શ્રેષ્ટજ;
બહિર્ અન્તર ખરૂં છે પાસ–અનુભવથી થશે નિશ્ચય. ૨
ગમે ત્યાં જાય પણ સાથે–ત્રિયૌગિક વિત્તને વાપર,
અસદ્ ઉપયોગ નહિ કરવો–સદા ઉપયોગ સારામાં. ૩
મળ્યું તેનું નથી મૂલ્યજ–મળ્યું તે ઉચ્ચ થાવાને,
કરે કિમ્મત મતિ માને–ખરૂં જોતાં નથી પારજ. ૪
સુધારી ચિત્તવાણીકાય–થવું આગલ ભલા માટે,
ખીલવવી આત્મ શક્તિયો–ખરૂં એ યોગીનું સાધ્યજ. ૫
કર્યા ત્રિયોગથી દોષો–હવેથી ભૂલ નહિ ખાવી;
વિવેકે જાણીને સઘળું–હવેથી શુદ્ધ થા ચેતન ! ૬
વિસારી દે કર્યાં ખોટાં–હવે તું કાર્ય કર ધોળાં,
સ્ફુરાવી શક્તિ થા શુદ્ધજ–સદા ધર સાધ્યમાં લક્ષ્યજ. ૭
ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું–ખીલવવી શક્તિયો સઘળી;
"બુદ્ધયબ્ધિ" યોગ અભ્યાસે–ઉદય છે આત્મનો નક્કી. ૮

૧૯૬૮ પોશ વદી. ૯) વલસાડ.

# કવ્વાલિ.

## ( કાર્ય સંકલ્પ દિશા. )

ડરીશ નહિ કાર્ય કરવાથી-હઠીશ નહિ મૂર્ખ લોકોથી;
પડીશ નહિ ઉચ્ચ શ્રેણિથી-સદા સંભાળ પોતાનું. ૧
ચીવટ રાખી કરે જદ કાર્ય-બનાવ્યું સહુ બને યત્ને;
ઉપાસક કાર્યનો થઇને-વિજય વરમાળને તું વર ! ૨
ગમે તેમાં કરાતો માર્ગ-થતી ઇચ્છા પડે ત્યાં માર્ગ;
કઠીન પૂર્વે પછી સહેલું-અધિકારી પરત્વે કાર્ય. ૩
પ્રવૃત્તિમય વહે જીવન-બહિર અન્તર બને છે કાર્ય;
રૂપાન્તર કાર્ય ક્ષણ ક્ષણમાં-અનુભવ પામવો દૂર્લભ. ૪
સકળનું કાર્ય નહિ સરખું-સકળનું કાર્ય છે સરખું;
વદુ અધ્યાત્મ દૃષ્ટિથી-વિચારી કાર્ય કર્તા થા. ૫
પડે છે ભાવનાનો રસ-ક્રિયા અમૃત કથાતી તે;
ઘણો આનન્દ ભોગવવો-અનુભવમાં ગ્રહે જ્ઞાની. ૬
ક્રિયાને કાર્ય કર્તાનું-થતાં ઝટ ઐક્ય આનન્દરસ;
નિહાળી આત્મમાં સઘળું-કર્યાકર કાર્ય તું ત્હારૂં. ૭
ક્રિયાથી બહુ થકવ મનને-વિકલ્પો સહુ સમી જાશે;
બુદ્ધચબ્ધિ ભાન ઘટ થાશે-વિકલ્પાતીત ઝાંખીનું. ૮

સુરત. માહ શુદી ૧૪ ૧૯૬૮

# अध्यात्मज्ञाननी आवश्यकता.

ખરા અધ્યાત્મજ્ઞાનિયો પ્રતિક્રમણ પૂજા વગેરેનો નિષેધ કરતા નથી. કેટલાક એકાન્ત નિરક્ષર વ્યવહાર વાદીઓ કથે છે કે અધ્યાત્મજ્ઞાનીયો આત્માને પરમાત્મા માને છે તે ખોટું છે. આત્માને પરમાત્મા માની શકાય કે? આ પ્રમાણે વદનાર નિરક્ષર વ્યવહાર વાદિયો જો આગમો તરફ લક્ષ આપે તો સંગ્રહ નયસત્તાની અપેક્ષાએ આત્માને પરમાત્મા માની શકે અપેક્ષાએ આત્માને સત્તાએ પરમાત્મા કથવામાં આવે તો અનેકાન્ત શૈલીએ કોઇ જાતનો વિરોધ આવતો નથી. આત્માજ સકલ કર્મનો ક્ષય કરીને પરમાત્મા થાય છે. આત્મા જો સત્તાએ પરમાત્મા ન હોય તો વ્યકિતથી પણ પરમાત્મા થાય નહિ. એટલું તો કહેવું પડે છે કે જે લોકો આત્મા પરમાત્મા છે એમ એકાન્તે સંગ્રહનયનો સ્વીકાર કરીને અન્ય નયોની માન્યતાને ઉત્થાપતા હોય તો તે મિથ્યાત્વીઓ છે. જૈનશાસ્ત્રમાં સાતનય અને સાતનયના ભેદો પૈકી કોઇનું ઉત્થાપન કરવાનું ફરમાવ્યું નથી. સાતનયોના સાતસેં ભેદ થાય છે. સાત નયો

પૈકી કોઇ પણ નયને કોઇ ઉત્થાપે તો તે મિથ્યાત્વી અવબોધવો—આત્માને સત્તાની અપેક્ષાએ પરમાત્મા માનીને ઉપરના નયોકથિત ધર્મનું આરાધન કરવામાં ન આવે તો આત્મા તે પરમાત્મા બની શકે નહિ—આત્માને પરમાત્મા માનીને બેસી રહેવું ન જોઇએ. આત્મા એ સત્તાએ પરમાત્મા છે એમ જાણ્યાબાદ શ્રાવકવ્રત વા સાધુવ્રત અંગીકાર કરવાની જરૂર છે. સાધુવ્રત અને શ્રાવકવ્રત અંગીકાર કર્યાબાદ તેને પાળવાની જરૂર છે. શ્રાવક અને સાધુનાવ્રત પાળતાં છતાં અન્તરમાં ઉપયોગ રાખવાની જરૂર છે આત્માની આપ્રમાણે ઉચ્ચગુણસ્થાનક ભૂમિપર ચઢવા માટે નયોની વિચારશ્રેણિ બતાવી છે તે ખરેખર સાપેક્ષપણે માનવા યોગ્ય છે. શ્રીવીરપ્રભુએ કહ્યું છે કે સાતનયમાંથી એક નયને પણ જે ઉત્થાપે છે તે મિથ્યાત્વી જાણવો કોઇ પણ વસ્તુ ઉપર સાતનય ઉતારતાં શિખવું જોઇએ. આત્માઉપર પણ સાત નયો ઉતારવા જોઇએ. આત્મતત્ત્વનું જ્ઞાન કરવું એ કંઇ સામાન્ય વાત નથી. આત્મતત્ત્વનુંજ્ઞાન કરવા માટે સાત નયો અને સપ્તભંગીના જ્ઞાનની જરૂર છે. સાતનયો અને સપ્તભંગીનું પણ ગુરૂગમ પૂર્વક જ્ઞાન મેળવવું જોઇએ. ગુરૂગમવિના તો એક ક્ષણમાત્ર પણ વીતરાગનાશાસનમાં ચાલવાનું નથી. ગુરૂગમવિના જૈનસિદ્ધાન્તોનું હૃદયમાં સમ્યક્પરિણમન થતું નથી. આત્મતત્ત્વસંબંધી અનેક ગ્રન્થો દુનિયામાં લખાયલા છે. કેટલાક મિથ્યાત્વ ગ્રન્થો છે કે જે વાંચવાથી આત્માનું સમ્યગ્જ્ઞાન થઇ શકે નહિ પરન્તુ મિથ્યાજ્ઞાન થઇ શકે. દવાઓ ખાતાં પહેલાં જેમ દાક્તરની સલાહની ઉપયોગિતા સિદ્ધ થાય છે તેમ આત્મજ્ઞાનના ગ્રન્થો વાંચવા પહેલાં ગુરૂગમની ઉપયોગિતા સિદ્ધ થાય છે. જૈનાગમોમાં યોગવહીને સૂત્રો ગુરૂ પાસે ભણવાની આજ્ઞા કરી છે તેનું કારણ પણ એ સિદ્ધ કરે છે કે આચાર્યો વા ઉપાધ્યાયોની ગુરૂગમ લીધાવિના અર્થનો અનર્થ થઈ જાય અને તેથી ગુરૂગમ પરંપરાનો લોપ થઈ જાય અને ભણનારાઓના એક સૂત્રના અર્થ સંબંધી પણ ભિન્ન ભિન્ન મત થઇ જાય માટે યોગ વહન કરીને ગુરૂ પાસે અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સૂત્રો ભણવાની આવશ્યકતા સિદ્ધ ઠરે છે. શ્રી સર્વજ્ઞ પ્રણીત જૈનાગમોદ્વારા અધ્યાત્મતત્ત્વનું જ્ઞાન મેળવવાની જરૂર છે. જૈનાગમોની શ્રદ્ધા અને પૂજ્યતાપૂર્વક શાસ્ત્રોનું આરાધન કરીને જે અધ્યાત્મજ્ઞાન મેળવવામાં આવે છે તેનાથી કદી શુષ્કપણું પ્રાપ્ત થતું નથી. જૈનાગમોદ્વારા પ્રથમ અધ્યાત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો કે જેથી સમ્યગ્ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે ગુણદોષ જાણ્યાવિના ગમે તે દવાને પેટમાં ઉતારી જનાર પુરૂષ મરણને શરણ થાય છે તદ્વત્સમ્યક્ શાસ્ત્રો અને મિથ્યાશાસ્ત્રોનું સ્વરૂપ અવબોધ્યાવિના ગમે તે જાતના ગ્રન્થો વાંચીને સ્વચ્છંદતાને સ્વતંત્રતા માની અધ્યાત્મજ્ઞાન માટે પ્રયત્ન કરનારની પણ વિપરીત દશા જોવામાં આવે છે. એકેક નયની દૃષ્ટિથી બનાવેલા આત્મતત્ત્વ સંબંધી ગ્રન્થો અન્ય નયોની સાપેક્ષતા તથા તે નયોદ્વારા આત્મતત્ત્વનો બોધ દર્શાવવાને શક્તિમાન્ થતા નથી. સમુદ્રોના જલના કણનો પાર પામી શકાય પણ શાસ્ત્રોનાં રહસ્યોનો પાર પામી ન શકાય તરતાં ન આવડતું હોય અને સમુદ્રમાં ભુસ્કો મારવામાં આવે તો તેથી મરણ નીપજી શકે છે તે પ્રમાણે શાસ્ત્રોની અપેક્ષા સમજ્યાવિના આત્મતત્વ સંબંધી ગુરૂગમવિના માથું મારવામાં આવે તો વિપરીત પરિણામ આવી શકે છે. દૃશ્ય એવા વ્યવહાર નયને માનનાર મનુષ્યોથી ચાર્વાક અર્થાત્ જડવાદની ઉત્પત્તિ થઇ છે. રૂજુસૂત્ર નયને એકાન્તે સ્વીકારીને રૂજુસૂત્ર નયથી આત્મતત્વનું કથન કરીને અને અન્યનયોને ઉત્થાપીને બૌદ્ધદર્શન ઉદ્ભવ્યું છે. એકાન્તસંગ્રહનયથી અદ્વૈતવાદ ઉત્પન્ન થયો છે આપ્રમાણે પ્રત્યેક નયની એકાન્ત માન્યતાઓનાં આત્म-

તત્ત્વ સંબંધી દર્શનો દુનિયામાં ઘણાં છે તે સંબંધી વિવેચન કરવામાં આવે તો એક મોટો ગ્રન્થ બની જાય. દરેક નયની સંપૂર્ણ અપેક્ષાઓને સ્વીકારીને આત્મતત્ત્વનું કથન કરનાર દુનિયામાં કોઇ પણ દર્શન હોય તો ખરેખર તે જૈનદર્શન છે. આખી દુનિયાનાં દર્શનોની નયોની અપેક્ષા કરીને તેમાંથી સત્ય અને અસત્યનો ન્યાય આપનાર જૈનદર્શન છે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણે આત્મતત્ત્વનું જ્ઞાન કર્યા વિના જૈનશૈલીએ અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું એમ કથાય નહિ. અધ્યાત્મનાં બે ચાર પદો વાંચી લીધાં એટલા માત્રથી અધ્યાત્મજ્ઞાની બની શકાતું નથી. જૈનદર્શનની શૈલીએ અધ્યાત્મજ્ઞાન કર્યા પશ્ચાત્ અન્યદર્શનકારો અધ્યાત્મની કેવી વ્યાખ્યા કરે છે તે જાણવાનું સહેલ થઇ શકે છે.

સપ્તભંગીથી આત્મદ્રવ્યના ગુણો અને પર્યાયોનું સ્વરૂપ સમજવાથી અનેકાન્ત ધર્મનો સમ્યગ્ બોધ થાય છે અને તેથી આત્માના અનન્ત ધર્મો કઇ કઇ અપેક્ષાએ અસ્તિરૂપે અને નાસ્તિરૂપે ઘટે છે તેનો ખ્યાલ આવે છે. અન્યદર્શનીઓને સપ્તભંગીનું સ્વરૂપ ન સમજાયાથી તેઓએ સપ્તભંગીપર પ્રહાર કરવા પ્રયત્ન કર્યો છે—ગુરૂગમવિના એકદમ સપ્તભંગીનું જ્ઞાન પ્રગટતું નથી. શંકરાચાર્ય વગેરેએ સપ્તભંગીનું ખંડન કરવા પ્રયત્ન કર્યો છે પણ સપ્તભંગીનું ખંડન કરતાં પહેલાં સપ્તભગીનું ગુરૂગમ પૂર્વકજ્ઞાન પ્રાપ્ત કર્યું હોતતો તેઓ સપ્તભગીનું ખંડન કરવા પ્રયત્ન કરત નહિ—સપ્તભંગીનું જ્ઞાન પ્રાપ્ત કરીને તદ્દ્વારા આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવાની જરૂર છે. સપ્તભંગીનો જ્ઞાન પ્રદેશ અત્યંત વિસ્તારવાળો છે. સપ્તભંગીના જ્ઞાનરૂપ પ્રદેશનો પાર પામી શકે એવા વિરલા ગીતાર્થ પુરૂષો હોય છે. સપ્તભંગીનું ખંડન કરવા પ્રયત્ન કરવો એ હવાની સામે તોપોથી યુદ્ધ કરવા બરોબર છે. સપ્તભંગીદ્વારા આત્મતત્ત્વનું જ્ઞાન કરનારા મહાત્માઓ અધ્યાત્મ જ્ઞાનમાં બહુ ઉંડા ઉતરી જાય છે. એક વસ્તુને કરોડો દૃષ્ટિથી અવલોકાય તોપણ તેમાં કંઇ જોવાનું બાકી રહે છે. એક વસ્તુને અસંખ્ય દૃષ્ટિથી જોવાય ત્યારે શ્રુત જ્ઞાનની અપેક્ષાએ તે વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કર્યું એમ કહેવાય છે. અસંખ્ય દૃષ્ટિયોનું સામર્થ્ય પણ જેમાં સમાઇ જાય છે એવી સપ્તભંગીના જ્ઞાનનો પાર પામવો એ દુર્લભ છે તોપણ ગુરૂગમદ્વારા સપ્તભંગીનું જ્ઞાન પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન સેવ્યાથી સપ્તભંગીના જ્ઞાનની સહેજ ઝાંખી થાય છે, સપ્તભંગીનું જ્ઞાન કરીને આત્મદ્રવ્યના અનન્ત ગુણો અને અનન્ત પર્યાયોને સપ્તભંગીથી તપાસવા. આત્માના ધર્મ ઉપર સપ્તભંગી ઉતારીને આત્મ દ્રવ્યનું જ્ઞાન કરવાથી અસંખ્ય દૃષ્ટિયો જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેથી એકેક દૃષ્ટિથી નીકળેલા પંથો ઉપર પશ્ચાત્ કંઇ મહત્વ અવબોધાતું નથી. સપ્તભંગીથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગુરૂ પરંપરાનું શરણું અંગીકાર કરવું જોઇએ. ગુરૂનાં પાસાં સેવવાથી ઘણા વર્ષે આત્મ દ્રવ્ય જ્ઞાનનો પરિપક્વ અનુભવ પ્રાપ્ત થાય છે જેટલી ગુરૂગમની ખામી તેટલી આત્મજ્ઞાનની ખામી અવબોધવી.

આત્મદ્રવ્યને નયો અને સપ્તભંગી દ્વારા સમ્યગ્ અવબોધ્યાથી આત્મદ્રવ્યની સમ્યક્ પ્રતીતિ થાય છે પશ્ચાત્ આત્મદ્રવ્યની સાથે બાંધેલા કર્મનો નાશ કરવા ખરી રૂચિ પ્રગટ થાય છે—આત્મદ્રવ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી ઉપશમાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને તેથી દ્વિતીયાના ચંદ્રની પેઠે આત્મતત્ત્વનો પ્રકાશ ખીલી શકે છે—આત્મા પોતે પોતાનું સ્વરૂપ

ઓળખે છે અને તેનો અનુભવ કરે છે ત્યારે અદ્‌ભુત આનન્દ રસનો ભોક્તા બને છે અને તે અપૂર્વ સુખ પામ્યો હોય એવો નિશ્ચય કરે છે. સમ્યક્ ચેતનતત્ત્વની પ્રતીતિ પશ્ચાત્ આત્મા પોતાનું શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરવા વ્યવહાર અને નિશ્ચયનયનું અવલંબન કરીને પ્રયત્ન કરે છે. વીતરાગનાં વચનોનું પરિપૂર્ણ રહસ્ય અવબોધીને તે આનન્દમાં મસ્ત બને છે. વર્તમાનકાલમાં અલ્પજ્ઞાન અને અતિહાનિ એવો પ્રસંગ પ્રાપ્ત થાય એવી સ્થિતિમાં ઘણા મનુષ્યોને દેખવામાં આવે છે. આત્મબંધુઓએ આગમોના આધારે આત્મજ્ઞાનના ઉંડા પ્રદેશમાં ઉતરવામાં પ્રતિદિન પ્રયત્ન કરવો જોઇએ—આત્મજ્ઞાન મને પ્રાપ્ત થયું છે એમ કથનારાઓ તો ઘણા મળી આવે પણ સ્યાદ્વાદ દૃષ્ટિએ આત્મતત્ત્વનું કથન કરનારા વિરલા મળી આવે. આત્મતત્ત્વને સમજવાની શક્તિ જેનામાં ન હોય તે આત્મજ્ઞાનિનો ડોળ રાખે તો તેથી તેના આત્માની વાસ્તવિક ઉન્નતિ થતી નથી.

મોહના અધ્યવસાયોને પ્રગટ થતાજ હઠાવવા માટે આત્મજ્ઞાની પ્રયત્ન કરે છે, આત્મતત્ત્વજ્ઞાની મોહને મોહતરીકે જાણે છે અને ધર્મને ધર્મ તરીકે જાણે છે તે સત્યને છોડતો નથી અને અસત્યનો આડંબર રાખતો નથી. તે પાપની ક્રિયાઓ કરીને પુણ્યમાનતો નથી અને ધર્મની ક્રિયાઓને અધર્મ તરીકે માનતો નથી. તે પોતાનામાં જેટલું હોય છે તેના કરતાં વિશેષ કહેતો નથી. આત્મતત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયાવિના જીવ સમ્યક્ત્વી ગણાતો નથી. આગમોના આધારે જોતાં જણાય છે કે અહો ! આવું અપૂર્વ આત્મતત્ત્વ અવબોધ્યાવિના વસ્તુતઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ શકતી નથી. આ કાળમાં આગમોને આગળ કરીને જેઓ આત્મતત્ત્વ જાણવા ખપ કરે છે તેઓને ધન્યવાદ ઘટે છે આત્મતત્ત્વની જિજ્ઞાસા જેના હૃદયમાં ઉત્પન્ન થાય છે તેવા પુરૂષોને ધન્યવાદ ઘટે છે. આત્મબળ પ્રાપ્ત કરવું હોય તો આત્મતત્ત્વને ઓળખવું જોઇએ. અનેક આલંબનોવડે આત્માની શુદ્ધિ કરીને આત્માની પરમાત્મદશા કર્યાવિના સંસારનો પાર આવવાનો નથી અસંખ્ય ઉપકારોમાં શિરોમણિ એવો અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ છે. અધ્યાત્મતત્ત્વની સન્મુખ થઇને આત્મતત્વરૂપ બનવું એજ પરમમંગલ છે.

---

# જૈનોમાં શાન્તિ.

( લેખક. શાન્તિ પ્રિય જૈન. )

આ મથાળું જોઇ કેટલાકને આશ્ચર્ય લાગશે. દરરોજ શાન્તિના પાઠનો પ્રતિક્રમણ કરતી વખતે ઉચ્ચાર કરનાર જૈનોને શાન્તિનો પાઠ શિખવવાની શું જરૂર હોઇ શકે ? ક્રોધરૂપી અગ્નિને હણનાર અરિહંતના અનુયાયીઓને ક્ષમાના ઉપદેશની આવશ્યકતા હોઇ શકે ? છતાં પણ સ્થિતિ એવા પ્રકારની છે કે આજે આ મથાળું મૂકી લેખ લખવાની વૃત્તિ આ હૃદયમાંથી ઉદ્‌ભવ્યાંજ કરે છે.

કોઇને કલહ વ્હાલો હોય ? શું કોઇને લડવાનું ગમે ? શું કોઇને બીજાઓની સાથે તકરાર કરવાનું રૂચે ? છતાં **હુંપણાની વૃત્તિ** એવી પ્રબળ છે **મારાપણાનો જુસ્સો**

એટલો સતેજ છે, અને. પોતાનીમોટાઈ સર્વને એટલી પ્રિય છે કે તે વૃત્તિ, તે જુસ્સો અને તે મોટાઇને ખાતર મનુષ્યો અનેક પ્રકારના કલહ કરે છે, અનેક પ્રકારની તકરારો કરે છે, અને અનેક પ્રકારના વાદવિવાદમાં પડે છે.

ઘણા મનુષ્યો એમ કહેવા બ્હાર નીકળે છે કે અમે તો ધર્મને ખાતર કલહ કરીએ છીએ, અમે તો ધર્મને ખાતર તકરારો આદરીએ છીએ, અમે તો ધર્મને ખાતર વાદવિવાદ કરીએ છીએ. આ કથન સત્યથી કેટલું વેગળું છે તે આપણે વિચારીએ. જે ધર્મ કલહ, તકરાર કે વાદવિવાદમાં પડવાનું શિખવે તે શું ધર્મના નામને યોગ્ય હોઇ શકે ? ધર્મ કદાપિ એમ જણાવતો નથી. જૈન ધર્મ દાન, શીલ, તપ અને ભાવનામાં સમાય છે. ઉપદેશ તરંગિણીમાં એટલે સુધી કહ્યું છે કે.

" શ્વેતાંબરમાં કે દિગંબરમાં, તર્કવાદમાં કે પક્ષવાદમાં મુક્તિ નથી. કષાયથી મુકાવામાંજ મુક્તિ છે. ( **कषायमुक्तिः सा एव मुक्तिः** )." જો આમજ હોય અને સત્ય વાત તો એમજ છે તો પછી જેથી કષાયની વૃદ્ધિ થાય, ક્રોધ વધે, કપટ વધે, માન વધે, સ્વાર્થ વધે, અને પરસ્પર અશાંતિ વધે, એવી પ્રવૃત્તિને કયો સુજ્ઞ મનુષ્ય ધર્મિષ્ઠ પ્રવૃત્તિ કહી શકે ?

રે ધર્મ ! લોકોને દુર્ગતિમાં પડતા બચાવી રાખનાર પવિત્ર ધર્મ ! તારા ઓઠા હેઠલ લોકો કેવાં ખોટાં કામ કરે છે ? અહા ! લોકો કેવા મૂઢ થઇને તારા બાના નીચે ધર્મને ન છાજતાં કૃત્યો કરે છે. હે શાસન નાયક દેવો ! અમને સન્મતિ આપો ! કે અમે ધર્મનો ખરો અર્થ સમજીએ, અમારી બુદ્ધિ નિર્મળ થાય અને અમે સાચા જૈન બની જ્યાં ત્યાં શાન્તિ ફેલાવીએ.

જે વખતે વાવાઝોડું થાય છે, ત્યારે ધૂળ ચારેપાસે ઉડે છે, અને પવન શાન્ત થયા પછી પણ વાતાવરણમાં તે રહે છે, અને જે કોઇ તે ધૂળનો શરીરમાં શ્વાસ લે છે, તેને હેરાન કરે છે. તેમ ઇર્ષ્યા, ક્રોધ, કપટ, સ્વાર્થ વગેરે અવગુણોના વિચારોના પણ કર્મરૂપી દળીયાં બંધાય છે, જે વિચારવાતાવરણને અશુદ્ધ બનાવે છે, અને જે કોઇ તેવા વિચારો ગ્રહણ કરવાની યોગ્ય સ્થિતિમાં આવે છે, તેનામાં તે ઘુસી જાય છે, અને તેથી તે વધારે ઇર્ષ્યાળુ, ક્રોધી, કપટી કે સ્વાર્થી બને છે. અને જ્યારે ઘણા મનુષ્યો એકજ પ્રકારના ક્રોધના વિચારો કરે છે, ત્યારે તો વાતાવરણ એટલું બધું અપવિત્ર બને છે કે જરા સરખો પણ પ્રસંગ મળતાં તે ક્રોધ કાર્યરૂપે પરિણામે છે.

એક વખત જીવદયાને વાસ્તે સતત મહેનત કરનાર મી. ________ રાજકોટ ગયા હતા. ત્યાં તેમણે જૈનોને જીવદયાના અમુક કામમાં ફંડ ભરવા આગ્રહ કર્યો, પણ સહેજસાજ રકમ ભરાઈ, ને કામ પડતું મૂકવામાં આવ્યું. બીજે દિવસે જળયાત્રાનો વરઘોડો નીકળવાનો હતો. તે વરઘોડામાં તે ભાઇ પણ ગયા હતા. ત્યાં તેમને આ પ્રમાણે વિચાર કર્યો " અરે ! આ જૈનો કેવા છે ! આ કામમાં આટલા બધા રૂપૈયા ખર્ચે છે, પણ આ જીવદયાના કામમાં પૈસા ભરતા નથી " આ વિચારથી તેમના મનમાં જૈનો પ્રતિ અત્યંત ક્રોધ વ્યાપી ગયો. વરઘોડો થોડે દૂર પણ ગયો નહિ હોય, તેવામાં અમુક કારણસર માંહોમાંહે

જૈનોને તકરાર થઇ, અને તેમાંથી રૂપ વધી ગયું, અને કેટલાક લોહીલુહાણ થયા. આ લેખકને તે વાત જણાવતાં તેમણે કહ્યું હતું કે " જૈનોના માંહોમાંહેના કજીયાઓને લીધે એટલી બધી ખરાબ લાગણી ફેલાઈ હતી કે સહેજ દિવાસળી મળતાં જેમ લાકડાં સળગી ઉઠે, તેમ મારા ક્રોધી વિચારરૂપી દિવાસળીથી તેઓમાં કલહ જાગૃત થયો, જેને વાસ્તે મને ખરેખર બહુ લાગી આવ્યું. "

આ વાત ગમે તેમ હો, પણ જેઓ ક્રોધના વિચારો કરે છે, જેઓ એક બીજાનું બૂરૂં ચિંતવે છે, જેઓ એક બીજાને હેરાન કરવાના સંકલ્પો કર્યાજ કરે છે, તેઓ જગતમાં એવા ક્રોધાદિક રાક્ષસો ફેલાવે છે કે જે રાક્ષસો ભારે અનર્થ મૂકી છે, અને તે સર્વ અનર્થને માટે તે ખરાબ વિચાર કરનારાઓ જોખમદાર છે, જ્યારે આપણે એક બાબત ઉપર પુષ્કળ વિચાર કરીએ છીએ, ત્યારે તે વિચારના દળીયાં ઘટ્ટ થાય છે, અને આપણને તે પ્રમાણે કામ કરવાને દોરે છે.

કોઇ પણ શક્તિનો નાશ થઇ શકેજ નહિ. તેનું એક યા બીજા રૂપમાં રૂપાંતર થવું જોઇએ. તેમ ક્રોધની શક્તિ પણ બહુજ મજબુત હોય છે, અને જ્યારે તે પ્રજાઓ વચ્ચે ફાટી નીકળે છે, ત્યારે એ પ્રજાઓ વચ્ચે મોટી લડાઇઓ જાગે છે, અને જ્યારે તે એક કોમમાં ફાટી નીકળે છે ત્યારે પરસ્પરના કલહનું રૂપ લે છે, અને તેનું પરિણામ એ આવે છે કે કોમમાં અકાળ મરણ થાય છે, પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને આગેવાનો મરી જાય છે, વ્યાપારમાં પણ લોકોની દુર્દશા થાય છે, અને બધી રીતે અવનતિ થાય છે.

ખરાબ વિચારોની કેવી માઠી અસર થાય છે, તેનો ભાગ્યેજ લોકો વિચાર કરે છે. એક વાત સાંભળી, તે પછી ખરી હોય કે ખોટી, તેનો લેશ માત્ર વિચાર કર્યા સિવાય તે બીજાને જણાવે છે. બીજો ત્રીજાને જણાવે છે, અને આ રીતે એક અસત્ય બાબત આખા ગામમાં ફેલાય છે, આખા દેશમાં ફેલાય છે, અને હજારો મનુષ્ય એક યા બીજા પ્રકારના ખોટા વિચારો કરવા દોરવાય છે, અને તેનું કેવું માઠું પરિણામ આવે છે, એ તો આપણા જોવામાં આવે છે.

પણ હા ! હું આ કોને સંભળાવું છું ? જ્યાં સુધી મનનો જુસ્સો લોકોનો શાન્ત પડયો નથી, ત્યાં સુધી શાંતિની આશા કયાંથી રાખવી ! પણ ના ! હું શું કરવા નાહિમ્મત થાઉં છું ? જૈનો સ્વભાવે શાન્ત છે. તેઓ ધર્મ પુસ્તકોના શ્રવણથી શાન્તિનો પાઠ શિખેલા છે. અમુક કારણોથી ભલે તેઓ ઉશ્કેરાયા હોય, પણ હવે પર્યુષણ પર્વ પાસે આવે છે. પર્યુષણમાં તેઓ વૈરવિરોધ ભૂલી જાય છે. તેઓ સંવત્સરીના પવિત્ર દિવસે સર્વ જીવને દોષો વાસ્તે ક્ષમા આપે છે, અને પોતે ભૂલો વાસ્તે પશ્ચાતાપ કરી ક્ષમા માગે છે. અહા ! તે પશ્ચાતાપ કેટલો બધો ગુણ કારી છે. કલાપી તો એટલે સુધી લખે છે કે.

" હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.
પાપી તેમાં ડુબકી દઇને પુણ્યશાળી બને છે !
આહા ! કેવું સ્મરણ મધુરં પાપનું એ ધરે છે !

માણી પામ્યું કુદરત કને એમ માની ગળે છે!
રાજ્યોથી કે જુલ્મવતી કે દંડથી ના બને જે!
તે પસ્તાવો સહજ વહતાં કાર્ય સાધી શકે છે!

આપણે પણ ઇચ્છીશું કે જૈનો અશાન્તિના વાતાવરણને ભૂલી જશે, હૃદયથી એક બીજાને ક્ષમા આપશે અને પર્યુષણમાં સ્નેહથી એક બીજાને ભેટશે.

વ્હાલા જૈન બંધુઓ! હૃદયથી લખેલા આ ઉદ્‌ગારો શાન્ત ચિત્તથી સાંભળો. અમુક મનુષ્ય શું તમારા કરતાં જૂદા વિચાર ધરાવે છે? ધારો કે તે ધરાવે છે, છતાં શું તેનાપર ક્રોધે ભરાવાથી તેનું નુકશાન કરવાથી શું તે વિચારો સુધરી શકશે? શું આપણા વીર પ્રભુને ઇન્દ્રજાળીઓ કહેનાર ગૌતમનો તેમણે તિરસ્કાર કર્યો હતો? કેવા મીઠા શબ્દોથી તેમણે તેને બોલાવ્યો હતો. "ભાઈ! શું તારા મનમાં આ શંકા છે?" આપણે તેમના અનુયાયીઓ છીએ. ભાષા સમિતિની વાતો કરીએ છીએ, મધુર વચનનું માહાત્મ્ય સમજીએ છીએ, છતાં આપણા મુખમાંથી બીજાને અપ્રિય લાગતા શબ્દો ઉચ્ચારાય, એ શું સૂચવે છે? ખરેખર આપણી અવનતિજ જણાય છે. કોઇની ભૂલ જણાય તો તેને તે જણાવવી એ આપણું કામ છે, પણ તે કામ શાન્તિથી અને મધુરવાણીથી થવું જોઇએ. મધુરવાણીથી સર્પ પણ વશ થાય છે; તો પછી આપણા વ્હાલા બંધુઓને શું આપણે સન્માર્ગે ન લાવી શકીએ! જો આમ બને તો પછી અશાન્તિ કયાં રહે?. વિચારોના મત ભેદતો રહેવાના. બધાની બુદ્ધિ એકસરખી શ્રી મહાવીર પ્રભુના સમયમાં પણ ન હતી તો આજે કયાંથી હોઇ શકે? માટે શાન્તિ ધારણ કરો, વિચારોની આપ લે કરો. તમારી પાસે જે સત્ય હોય તે બીજાને આપો, બીજા પાસે જે હોય તે ગ્રહણ કરો; પણ બીજો તમારૂં વચન ન માને તો તેના પર ક્રોધ કરતા નહિં જો તમને એમ લાગતું હોય કે તે ભૂલ કરે છે, અને સમજાવવા છતાં પણ નથી માનતો તો તેના પર વિશેષ દયા કરો, કારણ કે સત્ય માર્ગ સમજવાની તેનામાં શક્તિ નથી. પણ ક્રોધને વાસ્તે કોઇસ્થળ નથી. શાસ્ત્રમાં ધર્મ નિમિત્તે પણ ક્રોધ કરવાનું કહ્યું નથી. ૧૪૪૪ ગ્રન્થના રચનાર શ્રી હરિભદ્રસૂરિનું ચરિત્ર જુઓ, અને તમારી ખાત્રી થશે. તેમણે ૧૪૪૪ બૌદ્ધોને સમડી રૂપે બોલાવી તેલની કઢામાં નાંખવાનો સંકલ્પ માત્ર કર્યો હતો કાર્ય તો કર્યું પણ ન હતું. છતાં તેના ખાતર તેમને ભારે પ્રાયશ્ચિત લેવું પડયું અને ૧૪૪૪ ગ્રન્થો રચવા પડયા. ધર્મ નિમિત્ત કર્યાંતું અપકૃત્ય તે અપકૃત્ય નથી, એવી માન્યતા તદન ભૂલ ભરેલી છે, અને ધર્મ નિમિત્તે કરાતા કજીઆ પણ અયુક્ત છે, અને ધર્મને હીનપદ લગાડનારા છે. માટે બંધુઓ! ક્રોધને તજી દો, ઉદાર ભાવ રાખો, અને નજીક આવતા પર્યુષણમાં ખરા જૈનભાવથી એકબીજા પ્રત્યે વર્તો, અને આખી આલમને બતાવી આપો કે ખરા જૈનોને શાન્તિ પ્રિય છે. સર્વને શાન્તિ થાઓ એવી ભાવના સાથે આ ટુંક લેખ સમાપ્ત થાય છે.

# समरादित्यना रास उपरथी.

( લેખક. મુનિ. માણેક. કલકત્તા. )

( અનુસંધાન ગતાંક પાને ૧૪૦ થી. )

## બાળ ચેષ્ટા.

કરે મશ્કરીને વળી મારે ધક્કો.
પછી નાસી દૂરે ગણે આપ પક્કો,
મળે બાળ નિભાંગી ખરે ચઢાવે;
હજુ હોળીમાં ભ્રષ્ટ દેખાવ થાવે.

કેટલાંક બાળકોને તેમનાં માતા પિતા શરૂઆતથીજ પરોપકાર કરતાં શીખવે છે. મીઠા હિતકારક બોલ શીખવેછે. વડીલોનો વિનય કરતાં શીખવે છે અને ઘેર કે બહાર વિવેકથી કેમ વર્તવું તે શીખવે છે ત્યારે કેટલાંક કમ અક્કલનાં મા બાપો પુત્રોને ગાળો દેતાં શીખવે છે, મશ્કરી કરતાં શીખવે છે, ચીજો છુપાવવાનું, ધક્કો મારવાનું શીખવે છે અથવા દુષ્ટ છોકરાઓની સોબતમાં રાખે છે અને અનાદિકાળથી મોહ તથા અજ્ઞાન સાથે રહેલું હોવાથી વિના શીખવે પણ હાસ્યાદિ ચેષ્ટા કરવાનું શીખે છે તેથી તેવાં બાળકોનું ટોળું જ્યારે એકઠું થાય ત્યારે ગામડીઓ કે ભોળો માણસ મળે તો તેને અવિવેકી શબ્દો કહી મશ્કરી કરે છે અથવા નબળાને ધક્કો મારી અથવા માંહોમાંહે નબળાને ધક્કો મારી પછી દૂર જઇ હસે છે અને એટલેથી પણ સંતોષ ન થતો હોય તેમ એકાદ ગધેડું પકડી તેના ઉપર કુરૂપવાળા કે બેડોળ છોકરાને ચડાવે છે અને અવળે મુખે એટલે પુંછડા ઉપર લગામ વીંટાળી તેના તરફ મોઢું કરાવી બેસાડે છે. સૂંપડું ભાગેલું હોય કે તેવી ભાગેલી ટોપલીનું છત્ર બનાવે છે, ઝાડુનાં ચામર બનાવે છે, ફુટું ઢોલ વગાડે છે અને તેને હજારો ગાળી દે છે. ગધેડાને વિચિત્ર રીતે ચડાવે છે અને ધક્કામુક્કી કરી તેને પજવે છે, આવો રીવાજ હાલ પણ હોળીના દીવસોમાં કોઇ કોઇ જગ્યાએ જણાય છે તેવીજ રીતે તે **ક્ષિતિપ્રતિષ્ઠ** નગરમાં પણ જ્યાં ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય તેમ મુર્ખ બાળકોનું ટોળું પણ હતું તેમાં તે **અગ્નિશર્મા** બ્રાહ્મણપુત્ર રમવા જતો તેને બીજા છોકરા નબાપો તથા ગરીબ જાણી ચીડવતા. ત્યાં એક વખત સુગુણવાળો **ગુણસેન** નામનો કુમાર આવી ચડયો. તેને જોકે હમેશાં સારા સંસ્કાર મળવાથી સુબુદ્ધિનો ભંડાર હતો છતાં પણ તે **અગ્નિશર્મા** બ્રાહ્મણ પુત્રના વિચિત્ર ચ્હેરાથી સ્થીર થઇ ગયો અને બીજા છોકરા તેને જેમ ચીડવી પજવતા તેમ તે પણ ચીડવવા લાગ્યો અને પોતે રાજાનો માનીતો પુત્ર રાજ્યવારસ હોવાથી–નિરંકુશ હોવાથી હદ બહાર તેની મશ્કરી કરવા લાગ્યો; દ્વિજપુત્રનું મોઢું ત્રિકોણાકારે હતું, ગોળાકારે ઝીણી પીયાવાળી આંખો હતી, નાક ચીબું હતું, દાંત બહાર નીકળેલા હતા, વાળ જાડા ઝાંખરા જેવા હતા, પેટ વધેલું, પગ ટુંકા અને પહોળા, જંઘા સાંકડી વિગેરેથી અત્યંત કુરૂપવાળો તથા નિભાંગી જોઇ તથા તદન રાંકડો જોઇ તેને વધારે ચીડવવા એક ગધેડું મગાવી જેમ હોળીમાં તમાસો કરે તેવો તમાસો કરી તેને ગધેડે બેસાડી મશ્કરીનાં વાજા

વગડાવી ગાળો દેવડાવી ગામમાં ફેરવ્યો અને તે દિવસે તેને વધારે આનંદ પડવાથી બીજે દિવસે પણ વખતસર હાજર રહી તેજ પ્રમાણે **અગ્નિશર્માને** શહેરમાં ફેરવ્યો. લોકોને પણ ધંધો છોડીને તેમાં દાખલ થવા ઇચ્છા થવા લાગી. ઘણા દીવસ સુધી એમ દ્વિજપુત્રને પજવવાથી તથા રાજપુત્ર તેમાં સામેલ હોવાથી નિડરપણે સઘળાં બાળકો તેને ચીડવતાં, ગાળો દેતાં, ધક્કા મુક્કી કરતાં અને અધુરામાં પુરૂં જેમ ગાંડાને ચીડવતાં ન ચીડાતો હોય તો તેને ચીડવવા માટે જેમ ગંદી વસ્તુ કે કાંકરા ફેંકી તેને ચીડવે છે તેમ તે બ્રાહ્મણપુત્રને આખું શહેર ચીડવતું. જ્યાં સુધી મોંઢે વાતો થતી કે ગાળો સંભળાવતા ત્યાં સુધી તે બ્રાહ્મણપુત્રે સહન કર્યું કારણ કે ગરીબનો બેલી રાજા, પણ અહીંતો રાજપુત્ર પોતેજ તોફાન કરવામાં આગેવાન થઇ પડયો હતો ત્યારે તેની દાદ કે ફરીયાદ સાંભળે કોણ આખરે કાંકરામાંથી ધુળ અને છાણ સાથે કોઇ કોઇ દુષ્ટો પથરાદિ પણ ફેંકી તેને મારતા અને તે સહન ન થવાથી કદી તે સામે થાય તોપણ તેનું ચાલે તેમ નહોતું કારણ કે રાજપુત્ર મોખરે હોવાથી તેના સિપાઇઓ સામે થતા અને હજારો છોકરાંમાં તે એકલાનું શું ચાલે તેથી તે બીચારાએ કંટાળી કયાંક નાશી જવાનો વિચાર કર્યો તેમ વૈરાગ્યભાવ પણ આવવા લાગ્યો કે મેં પૂર્વ ભવે અઘોર પાપ કર્યાં છે અને તેથી જન્મ તાંજ પૈશાની પાયમાલી કરી પછી માતા પિતાને મારવાના કારણરૂપ થયો. પારકા લોકોએ ઉછેર્યો તેની પણ સેવા ન કરી, વિદ્યા પણ ન ભણ્યો અને રમવામાં કાળ ગુમાવતાં મારા કુરૂપ અને બેડોળથી ગામના છોકરા મને ચીડવવા લાગ્યા તથા રાજપુત્ર જે ગુણવાન તે પણ નિર્ગુણી થઇ હજારો લોકોથી મારૂં અપમાન કરવામાં કારણભૂત થયો અને હજુ પણ જ્યાં સુધી અહીં રહીશ ત્યાં સુધી હું અહીં લોકોથી તથા રાજપુત્રથી પીડા પામીશ તેમ કદાચ બીજે જઇશ તોપણ ત્યાંના બદમાસ છોકરાઓ કે દુષ્ટ પુરૂષો મને ચીડવ્યા વિના રહેનાર નથી કારણ કે મારૂં કુરૂપ તથા અંગનું બેડોળપણું બીજાના દીલને ઉશ્કેરે છે અને તેમને હું રમકડા જેવો મળું છું ત્યારે તેઓ ગાળી સંભળાવી ગધ્ધે બેસાડી ધક્કા મારી તથા ઇટાળા છાણાં પથરા ધૂળ ફેંકી પજવે છે તેથી મારો અંતકાળ આવશે અથવા આંખ ફુટતાં અંધો કે કાણો થઇશ, માથું ફુટતાં લોહી નીકળતાં ઘાયેલ થઇ દવાખાનામાં મારે રીબાવું પડશે તેમ સામું મારતાં કોઇને વધારે લાગતાં કેદમાં જવું પડશે અથવા મરી જશે તો ફાંસી જવુંપડશે માટે કોઇને પણ દુઃખ ન થાય તેમ મારૂં પાપપણ નાશ થાય માટે કોઇ સદ્‌ગુરૂનો આશરો લેઉં. જેઓ સંસારી વ્યાપારથી રહિત છે, મશ્કરીને નાશ કરી છે, તપશ્ચર્યાથી કાયા ગાળી છે, ઇંદ્રિયોને ઉન્મત્ત થવાના કારણરૂપ જે સ્ત્રીઓ તથા પુષ્ટ આહાર તેને ત્યાગી જંગલમાં રહી ત્યાં ફળફળાદિ ઉપર નિર્વાહ કરે છે અને સંસારીઓના સંગથી દૂર રહી તપશ્ચર્યા કરી આત્માને પવિત્ર કરે છે તેવા પ્રભુભક્ત જે તાપસો તેમના આવાસ ( આશ્રમ ) માં ચાલ્યો જાઉં તો કોઇ ચીડવનાર, ગાળી દેનાર કે મારનાર મળશે નહિ તેમ તપસીઓના આશ્રમમાં રાજપુત્ર પણ ચીડવી શકશે નહિ, તેમ દુર્જનો ત્યાં આવી શકશે નહિ માટે શાંતિથી ધર્મ આરાધન કરી આવતા ભવમાં દિવ્યરૂપ વાળો સમર્થ દેવ થઇ દેવાંગનાનાં સુખ ભોગવીશ. એમ ચોક્કસ વિચાર કરી ક્યાંકથી ભાતું માગી ગુપચુપ શહેરમાંથી રાત્રે નીકળી ગયો અને કોઇપણ વસ્તીવાળા ભાગમાં નિવાસ ન કરતાં ખાવા જેટલું માગી લેઇ પાણી પી રાત્રદિવસ ચાલી એક માસે મોટા વનમાં આવી પહોંચ્યો.

## તપનો મહિમા—

વને વૃક્ષ ખીલ્યાં ફુલો ને ફળેથી,
સુગંધી વળી વાયુ આવે દૂરેથી;
જળે શીતળે ત્યાં વહે છે નિઝર્ણાં,
સુખે ખેલતાં ત્યાં દીસેછેજ હર્ણાં.

જ્યાં વિશેષ તાપ હોય તેવા મારવાડ કે આફ્રિકામાં રેતીનાં રણ વિશેષ હોય ત્યાં પાણીના અભાવે વનસ્પતિ ઓછી અથવા સમુળગી હોતી નથી તેમ વિશેષ ઠંડથી ઘણા ઠંડા દેશમાં પણ ઝાડપાન બળી જાય છે પણ હિંદ કે અમેરિકા જેવા કેટલાક દેશોમાં તાપ ઠંડ મધ્યમ પ્રમાણમાં હોવાથી ત્યાં વનસ્પતિ વિશેષ હોય છે તેથી કેટલીક જગ્યાએ તો સેંકડો ગાઉ સુધી તેવાં વન લંબાયલાં હોય છે અને વચમાં કોઇ પહાડ આવી ગયો હોય તો તેના ઉપર વિશેષ પાણી પડવાથી તે પહાડ ઉપર વનસ્પતિ વિશેષ હોય છે અને નીચે પણ આજુબાજુ ચોમેર વન ખીલેલું હોય છે એટલે સુધી કે ભર ઉનાળામાં બપોરના વખતે પણ તે જગ્યાએ તાપને બદલે શીતળ હવા આવે તેવા વનોમાં કેટલાંક ઇમારતી લાકડાં થાય છે ત્યારે કેટલાંક સુગંધી પુષ્પોથી ખીલેલાં રહે છે ત્યારે કેટલાંક મધુર સ્વાદિષ્ટ ફળોથી ઝૂકી રહે છે તેવા એક વનમાં **અગ્નિશર્મા** આવી પહોંચ્યો હતો. આવા આઠ વનોમાં અનેક પ્રકારની રમણિકતા હોવાથી વસંત રૂતુમાં શહેરના વતનીઓ આવે છે અને નજીકના ભાગમાં સ્રીપુરૂષો ખેલે છે, રાજાઓ કે શ્રેષ્ટિઓ પરિવાર સાથે ઉજાણી કરે છે તેમ તપસ્વીઓ તપશ્યા કરે છે પણ જ્યારે ગૃહસ્થીઓ શહેરની નજીકના વનમાં ખેલે છેત્યારે તપસ્વીઓ મધ્યના એકાંત ભાગમાં નિવાસ કરે છે ત્યાં તેમને હિંસક પશુનો વિશેષ ડર નથી તેમની તપસ્યાના પ્રભાવથી સિંહ વાઘ વરૂ વિગેરે પણ તેમની આગળ ગાય જેવા ગરીબ બની વિનયથી માથું નમાવે છે, તેમ તે તપસ્વીઓના વનમાં તે વાઘ વિગેરે બીજા જીવોને હણતા નથી તેમ રાજાઓ પણ પોતે શીકાર ખેલવા કે વાઘનો નાશ કરવા તે જંગલમાં જતા નથી કારણ કે તેઓ જાણે છે કે તપસ્વીઓના શ્રાપથી જીવતાં બળી જવાય છે માટે તેવા વનમાં નિર્ભયપણે હરણો ખેલે છે તથા ખાસ ઉપદેશ સાંભળવા કે અગત્યના કારણ વિના ગૃહસ્થો પણ વિશેષ ત્યાં જતા નથી તેથી ધર્મઆરાધન તથા પ્રભુની ભક્તિ સારીરીતે થઈ શકે છે. આવા પ્રભાવિક વનમાં જ્યારે **અગ્નિશર્માએ** હરણોને નિર્ભયપણે ફરતાં જેયાં અને ફળોથી ઝાડો ઝૂકી રહેલાં જેયાં ત્યારે પેટ ભરીને સ્વાદિષ્ટ ફળો ખાઇ નિર્મળ ઝરણનું પાણી પીને ઠંડા વાયુથી શાંતિ લેઈ જરા હિંમત રાખી આગળ ગયો ત્યારે ઘાસનાં ઝુપડાં જોવામાં આવ્યાં ત્યાં તદન શાંતતા જેઇ આનંદ પામી આગળ જતાં કેટલાક તપસ્વીઓ તપશ્ચર્યા કરતા, કેટલાક માળા ગણતા, કેટલાકે આસન જમાવેલાં, કેટલાક પુસ્તક વાંચતા, કેટલાક વડીલ તાપસ પાસે સુત્રાર્થ સમજતા જેઈ તેને પણ તેમાં ભળી જવાનું મન થયું. તેમાં એક જે મોટો તાપસ હતો તે કેળાના બનેલા ઘરમાં રૂદ્રાક્ષની માળા વડે જાપ કરતો હતો જેની જટા અતિ લાંબી હતી અને કપાળે ભભુતિ લગાવી હતી, દૃષ્ટિ સૌમ્ય હતી, કમળપત્રોનું આસન બનાવી તે ઉપર બેસી નાક ઉપર દૃષ્ટિ રાખી બેઠો હતો તેના ઉપર પૂર્ણ પ્રેમ ધરી રોમાંચિત થઇ અંજલિ મસ્તકે લગાવી તેના ચરણમાં માથું મુકી તેને પ્રણામ કરી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. એમ વારંવાર પ્રણામ કરી પછી સન્મુખ ઉભો રહી વિનવવા લાગ્યો કે—

( અપૂર્ણ. )

# ગુરુગમ.
# ને
# નાગાર્જુન

( લેખક—पादराकर. )

પૂર્વે થઇ ગયેલા મહાન્ વિધ્વાન્ આચાર્યો–રૂષીઓ મુનિઓ–ને પંડિતોએ અનેક ગ્રંથો–શાસ્રો–મંત્ર–તંત્રો–બનાવ્યા છે. જેનો અમુલ્ય વારસો સાંપ્રત સમયની પ્રજાને પ્રાપ્ત થયો છે. એ અણુમોલ વારસો મેળવ્યા પછી પણ તેને જાણુવો–સમઝવો–એ સ્હેલ નથી. વિદ્વાન–પંડિત હોઇને પણ તે જાણવા માટે " **गुरुगम** " ની ખાસ જરૂર પડે છે. એ **ગુરુગમ** એટલે બધા રસ્તા–ચાવીઓ બતાવ્યા છતાં–તેની **गुरुगम** એ પોતાની પાસે રાખેલી છે. **ગમ**–રસ્તો. જે રસ્તે **ગુરુ** એ બતાવેલ બાબત સિદ્ધ થવાની હોય છે તે **ગમ** કદી સ્પષ્ટ રીત્યા લખવાનો પૂર્વે રિવાજ નહોતો. અધૂના ' **गुरुगम** ' બહુજ ન્યુન જણાય છે. વિનયથી ગુરૂ પાસે જઈ–તેમની સેવા કરી તેમને પ્રસન્ન કર્યા બાદજ **ગુરુ** શ્રી પાસેથી **શાસ્ત્ર** સિદ્ધાંત–કે મંત્ર–તંત્રની **ગુરુગમ**તા પ્રાપ્ત થતી—ને ત્યારેજ તે **સિદ્ધ** થતા.

વર્તમાન કાળમાં—પાશ્ચાત્ય કેળવણીથી વિભુષિત થયેલા નવ યુવાનો **ગુરુગમ** પ્રતિ અભાવ દર્શાવે છે. હાલનો જમાનો દલિલનો છે ને સર્વ બાબત આરસા જેવી સ્પષ્ટ–ને ઇઝીચેર, કે પલંગ પર પડયાં પડયાં સહેલાઇથી સમઝી કે જાણી શકાય તેવી પ્રવૃત્તિને ચાહનાર છે. ગુરૂ પાસે ઉપાશ્રયમાં જઇ–વિનય રાખી ધિરજ રાખી–ગુરૂને પ્રસન્ન કરી જ્ઞાન સંપાદન કરવું એ " જ્યાં વિદ્યાર્થી મજેથી બેસે ને પ્રોફેસર ઉભા ઉભા લેકચર આપે એવી રીતે બુદ્ધિને બદલે નાણાંથી ખરીદાતું જ્ઞાન મલતું હોય " એવાઓને કેમ પસંદ પડે ? પરંતુ આપણે જોઇએ છીએ એવા તૈયાર થયેલા કેટલા બાહોશ વિદ્વાનો આજ દીન સુધી પોતાનો ધર્મ મર્યાદા–કે પૂર્ણતા જાળવી રહ્યા છે ? ગણ્યા ગાંઠયાજ ! અસ્તુ.

આ પરથી એમ કહેવાનું નથી કે બધાજ અભ્યાસકો અવિનયી હોય છે–પણુ બહુ ભાગે ગુરૂગમનો અભાવ પરિપુર્ણતા આપતો નથી કારણકે વિનય વિના વિદ્યા નથી–ને વિદ્યા વિના જ્ઞાન નથી ને જ્ઞાન વિના પુર્ણતા નથી ને વિદ્યાની ગમ તો ગુરૂ પાસે રાખે છે.

પૂર્વે **નાગાર્જુન** નામે એક મહાવિદ્વાન પુરૂષ થઇ ગયા છે. તે ઘણા શાસ્રોના જાણકાર હોવા સાથે વનસ્પતિઓના ગુણદોષના ઘણા તીવ્ર પરિક્ષક હતા. તેમણે " **સુવર્ણ સિદ્ધિ** " પ્રાપ્ત કરેલી હોવાથી સહેલાઇથી કોટયાવધિ લક્ષ્મી પેદા કરી શકતા ને તેનો **સદુપ**યોગ પણ કરતા.

પ્રસંગોપાત્ તેમના જાણવામાં આવ્યું કે–**પાદલિપ્તાચાર્ય**નામના મુનિશ્રી પાસે "**પાદલિપ્ત** " **યાને આકાશગામિની** વિદ્યા છે–કે જેના પ્રયોગથી મુનિ હમેશાં આકાશ માર્ગે સુખે ફરતા–યાત્રાઓ કરતા ને પૃથ્વીના નુતન ભાગો અવલોકતા હતા. એવું સાંભળીને **નાગાર્જુન** પોતે "પાદલિપ્ત" વિદ્યા પરથી જેમનું નામ " પાદલિપ્તાચાર્ય પડયું છે–તેમની

પાસે આવ્યા ને આચાર્યને સવિનય નમન કરી, ક્ષેમ કુશળ પૂછી શાંત ચિત્તે ભુમિપર બેઠા. બાદ આચાર્યશ્રીને **નાગાર્જુને** પૂછ્યું કે—" હે કૃપાળુ મુનિ! મ્હારી પાસે સુવર્ણસિદ્ધિની વિદ્યા છે ને આપની પાસે આકાશગામિની વિદ્યા છે. વિદ્યા ત્રણરિત્યાજ પ્રાપ્ત થાય છે ૧ વિદ્યા–વિદ્યાથી, ૨ વિનયથી, અને ૩ અનર્ગળ દ્રવ્યથી. માટે કૃપાકરી કાતો મ્હારી સુવર્ણસિદ્ધિ માટે વિદ્યા લ્યો, વા દ્રવ્ય માગી લ્યો કિંવા હું આપના ચરણકમળમાં વંદન કરૂં છું કે મ્હારાજ મને વિદ્યા આપો."

આવો પ્રસંગ જોઇ આચાર્યે કહ્યું કે " મને વિદ્યાનો ખપ નથી; દ્રવ્યની દરકાર નથી; તેમજ મ્હારે વિદ્યા પણ આપવી નથી. માત્ર એક સરતે તને વિદ્યા આપું–ને તે એજ કે તું મ્હારો શિષ્ય થા ને તત્પશ્ચાત્ તને વિદ્યા આપું."

**નાગાર્જુન** વિલખા થઇ બોલ્યા "મહારાજ! તમો જૈન સાધુઓના પંચ મહાવ્રત મ્હારાથી પળશે નહીં, તેમજ તમારા ઉગ્ર વિહાર, તમારૂં ખાંડાની ધાર જેવું ચારિત્ર એ હું કેમ કરી પાળી શકું? માત્ર તમારા ગૃહસ્થી શ્રાવક–માફક તો હું આજથી થઇ શકું તેમ છું. આજ્ઞા આપો."

આ સાંભળી આચાર્યે ડોકું ધુણાવ્યું કે "**નાગાર્જુન** વિદ્યા એમ નહિ મળે." આ ઉપરથી **નાગાર્જુને** આચાર્યની પાસે હમેશાં રહેવાનું કબુલ કર્યું. ગુરૂ સાથે હમેશાં દેશોદેશ વિચરવા લાગ્યા ને સાથેજ રહેવા લાગ્યા.

પ્રસંગવશાત્— આચાર્ય એક દીવસે યાત્રાર્થે બહાર ગમેલા હતા. તેઓ પોતાના પગે અમુક ઔષધિઓને લેપ કરવાથી ઉડી શકતા હતા. તેઓ આવ્યા ને પોતાના પગ પરનો લેપ ધોઇ નાંખ્યો ને તે પાણી બહાર ઢોળી આવવા એક શિષ્યને આજ્ઞા કરી. ચતુર **નાગાર્જુને** સમય જોઇને ગુરૂને જણાવ્યું કે " મહારાજ ! હુંજ લાવો તે ઢોળી આવીશ." ગુરૂએ પણ ચિરપરિચય વાળા **નાગાર્જુનને** તે વાસણ આપ્યું. **નાગાર્જુને** બહાર જઇ તે વાસણમાંનું પાણી સુંઘ્યું ને તે પરથી તે મહાબુદ્ધિશાળીએ પરીક્ષાથી જાણ્યું કે લેપ ૧૦૮ ઔષધીઓનો બનેલો છે ને તે ઔષધીઓ અમુક અમુક છે. વાટી ઔષધિને પણ તેના ધોવણપરથી જુદી જુદી ૧૦૮ ઔષધિઓ પારખનાર કેવો બુદ્ધિશાળી હોવો જોઇએ તેની કલ્પના વાંચક ! તમોજ કરો. આવા તીવ્ર બુદ્ધિશાળીને પણ " ગુરૂગમ " વિના કેટલું વેઠવું પડે છે !

ઔષધિઓ જાણી લઇ ગાંધીને ત્યાંથી સર્વ ઔષધિઓ આણિ–નાગાર્જુને લેપ તૈયાર કર્યો ને જંગલમાં જવાના બહાને બહાર જઇ તેનો પગોએ લેપ કર્યો તે પરથી તે ઉડી શક્યા પણ થોડે દુર ઉડી પુનઃ પાછા પડયા. વળી ઉડીને પટકાયા. એમ ઉડતાં–પડતાં તેઓ એક ઉંડા ખાડમાં પડી ગયા ને ઘણી કોશીષ છતાં બહાર આવી શકયા નહિં.

ઘણો વખત થવા છતાં **નાગાર્જુન** નહીં આવવાથી આચાર્યને લાગ્યું કે નાગાર્જુન કયાં ગયો ! તે પરથી થોડાક સાધુઓને તેમની તપાસ માટે બહાર મોકલ્યા. ચાલતાં ચાલતાં તેમણે ખાડામાં પડેલા નાગાર્જુનને શોધી કહાડયા.

ગુરૂ પાસે આવીને ક્ષમા માગી સર્વ વર્ણન ગુરૂને અશ્રુભર નેત્રે કહી સંભળાવ્યું. ગુરૂ ચકિત થઇ ગયા ને હેરત પામી ગયા કે વાહ! આની બુદ્ધિમત્તા–ને વિચક્ષણતા અગાધ છે.

પણ માત્ર "**ગુરુગમ**" વિનાજ ખાડામાં પડવું પડયું બાકી એજ ઔષધિઓ છતાં તે કેમ ઉડી ન શકયા ? કેમ ખાડમાં પડયા ? માત્ર **ગુરુગમ**ના અભાવેજ.

ગુરૂએ તેમને શાંત પાડી કીધું "મહાનુભાવ ! ઔષધિઓ તો તેજ પણ–તેને ચોખાના પાણીમાં મિશ્રીત કરવી જોઇએ" એટલી **ગમ** વિના તમારે ખાડમાં પડવું પડયું. આ સાંભળી **નાગાર્જુન** શરમાઇ ગયા ને તેમને વંદન કરી ચુસ્ત શ્રાવક થયા. ત્યાર બાદ નાગાર્જુને ઘણાં જૈન મંદિરો બંધાવી તેનાં તેમજ પૂર્વનાં ઘણાંક મંદિરોની હરહમેશ આકાશગામીની વિદ્યાથી યાત્રા કરી અંતે સુખી થયા.

વાંચકો ! આવા **મહાન્ સમર્થ** બુદ્ધીશાળી છતાં નાગાર્જુનને જરા "ગુરૂગમ"ની ખામીથી તે કાર્ય સિદ્ધ ન થયું તો આપણા જેવા પામરો ગુરૂગમ વિના શું પામી શકે માટે બલિહારી તે ગુરૂની કે જેઓએ **ગમ** પોતાની પાસે રાખીને વિના મુલ્યે આપણને તે આપે. માટે વિનયથી **ગુરુની ગમ** મેળવશો તો સર્વ કાર્ય સિદ્ધ કરી શકશો.

પાદરા. ૧૨–૭–૧૯૧૨ } **શાંતિ. શાંતિ. શાંતિ.**

---

# मोटाइ केम मेळवाय.

**( પાદરાકર. )**

" લઘુતા સેં પ્રભુતા મળે,
પ્રભુતા સેં પ્રભુ દૂર ! "

જમાનો મનુષ્યમાત્રને જ્ઞાનના પ્રકાશમાં આગળ તાણતો જાય છે ને તેજ વિદ્યાના પ્રતાપે સર્વને, પોતાની મૂળ સ્થિતિ કરતાં ઉંચે દરજ્જે જવાનું–જરા મોટા થવાનું–વધારે માનવાળા થવાની ઇચ્છા રાખવાનું–ને વધારે સત્તા મેળવવાનું ગમે છે પરંતુ તેમાં બને છે એવું કે, જેને માન મેળવતાં આવડે–માનને લાયક હોય–તેનેજ માન મળે છે. એ નિઃશંશય વાર્તા છે.

જેને સત્તા જોઇએ તેણે નમ્ર નવું જોઇએ. લોકો પાસેથી સન્માન મેળવવાની ઇચ્છા રાખનારે, જન સમાજનું ભલું કરવું–તેમની સેવા કરવી–તેમના લાભાર્થે તન–મન–ધનની અર્પણતા કરવી જોઇએ. આજ પર્યંત જેઓ જનસમાજના અગ્રગણ્ય–માનનીય–વંદનીય પુરૂષો થઇ ગયા છે, તેમણે લોકકલ્યાણ માટે પોતાની દેહ અર્પણ કરી દીધી હતી–જનસેવાના ઉદાત્ત પાઠોનું પઠન–મનન કરી તેમને માટે પોતાના માનનો–સુખનો–સમાધિ ને કુટુંબ પ્રેમનો ભોગ આપ્યો હતો તે વિસ્મૃતિની ધૂલિકા નીચે દાટી દેવું ન જોઇએ.

આપણી પરિસ્થીતી પ્રમાણે–આપણા સામર્થ્ય પ્રમાણે આપણે અવશ્ય બીજાનું કલ્યાણ કરી શકીએ તેમ છીએ ને તેનો આરંભ આપણા ઘેરથીજ થવો જોઇએ. "Charity begins at home." જે મનુષ્ય ઘરના બીજા માણસોને–સર્વ કરતાં વધુ ઉપયોગી થઇ પડે છે, તેને સર્વના કરતાં વધુ માન મળે છે ને તે તે મેળવવાને લાયક પણ છે.

ઘર પછી પોતાનું બહોળું કુટુંબ, પછી પોતાનું ફળીઉ–પછી ગામ–પછી દેશ ને તે પછી સમગ્ર માનવ જાતિ એ પ્રમાણે આપણી સેવાનું કાર્યક્ષેત્ર દિવસે દિવસે વધારતા

જવું ને જ્યારે જનસમાજના સમગ્ર વર્ગની સેવા કરવાની શક્તિ આવશે–ને " **आत्मवत् सर्व भूतेषु,** " એ સુત્ર સાક્ષાત્કાર પરિદ્રસ્યમાન–હૃદયોગત થશે ત્યારેજ તેનું માનવ જીવન સફળ ગણાય પણ ઘરના–આપણાજ માણસોને છોડી લોકસેવાર્થે દોડી જવું એતો વલી ઉલટો માર્ગ છે. તેમ કરવાથી કંઇ પણ બની શકે નહી કારણ જે પોતાનુંજ સુધારી શકે નહી–તે બીજાનું સુધારવા કદીપણ શક્તિમાન થઇ શકે જ નહીં.

એક વખત એક શેઠે પોતાના ત્યાં રહેવા ઇચ્છનાર, નોકરને પૂછ્યું કે– કદાચ દૈવ યોગે મ્હારૂં ને તમારૂં બેઉનાં મકાન સાથેજ બળતાં હોય તો તમે કોનું પ્રથમ બચાવવા પ્રયત્ન કરો ? આ ઉપરથી તે નોકરી રહેવા ઇચ્છનાર માણસે શેઠને રાજી કરવાના ઇરાદે કહ્યું કે– સાહેબ પ્રથમતો આપનુંજ બચાવવા પ્રયત્ન કરૂં. આ ઉપરથી શેઠે તુરતજ તેને રજા આપીને કહ્યું કે " તું તારૂંજ બચાવી શકે નહીં તો મ્હારૂં શું દળદર મારે માટે આ ઉપરથી એટલોજ સાર કે પ્રથમ પોતાના ગૃહની પરિસ્થીતિ સુધારવા બાદજ કુટુંબ—ગામ—ને દેશ.

પણ દેશસેવાનો પાયો કુટુંબ ઉપરજ બાંધવો જોઇએ. જેને ખરી મોટાઇ જોઇએ તેણે સ્વતઃ નમ્ર થવું જોઇએ. " પોતાપણું—હું પણું—વિસરી પોતાના ભાઇબેનના કલ્યાણની ઇચ્છા સતત રાખવી જોઇએ. જે આ રીતે પોતાપણું—આત્માભિમાન રાખતા નથી તેનેજ 'મોટાઇ' મળે છે. મહાદેવ ગોવિંદ રાનાડે—દાદાભાઇ નવરોજજી—સુરેંદ્રનાથ બાંનરજી—ને એવા બીજા દેશહિતેચ્છુઓએ—પોતે કેમ કરી 'બડેજાવ' થવાય–લોક આપણા ચરણમાં ક્યારે પડે–એનો કદી વિચાર કર્યો નથી પણ ઉલટું પોતાનો સુખશાંતિને–એશ આરામનો વખત લોકોનું હિત શાથી થાય એ ચિંતામાં જ ગાળ્યો હતો, ને એજ ઉદ્દેશના સાફલ્યાર્થે તેમનો પ્રયત્ન અહોરાત્ર ચાલુ રહેવાથી આજ તેઓ આપણને લોકપ્રીય થઇ પડ્યા છે. તેમનું ' મહારાપણું ' નીકળી ગયું હતું. " મને લોક સારો કેવી રીતે કહે ! મ્હારો વૈભવ કેમ વધે, જન વૃંદમાં હું આગળ કેમ બેશી શકું, લોકો મને પૂછતા કેમ આવે, આવા વિચારો તેમના સ્વપ્નામાં પણ તેમને આવ્યા નહોતા. જનસમાજની ચિંતાજ તેમના મનમાં રાત્ર દિવસ જાગ્રત રહેતી. લોકનિંદાના ભયને ઉંચો મુકયો હતો–સ્વાર્થ-પરાયણતાને ફેંકી દીધી હતી ને આવા હલકા વિચારોની જગ્યાએ–પોતાના કુટુંબ–ગામ–ને દેશના લોકોના સુખના—આલ્હાદિના—જ્ઞાનવૃદ્ધિના—વિગેરેના વિચારોની શ્રેણીઓ સ્થાપન કરી હતી ને તેમનેજ સર્વમાન્ય " મોટાઇ " મળી હતી. જે ખરેખર વ્યાજબી ગણાય !

હુંપણું—અભિમાન—મદ—ઇર્ષા એતો હમેશાં લઘુત્વ લાવનાર છે. એનો ત્યાગ થવા શીવાય ' મોટાઇ ' નો માર્ગ જડવાનો નથી. અભિમાનનો બોજો પીઠપર લઇને ' મોટાઇ ' ની નીસરણી પર ચઢવું અશક્ય છે—ને તે માટેજ–મોટાઇ મેળવવા માટેજ એવો જડભાર–મગજરૂપી પીઠપરથી ફેંકી દેવાથીજ–સહેલાઇથી તે ' મોટાઇ 'ની સીઢીપર ચઢી શકાય. એ પ્રથમ પગથીઉ છે. તે પ્રથમ પગથીઉ ચઢયા પછી, 'સમભાવનું દોરડું' મોટાઇના કડે બાંધેલું હોય છે તે પકડવું—નહીતો પડી જવાનો ભય રહે. વલી ન્યાય ને નીતિનાં અસલ પેબલના ચશ્મા પહેરી લેવા કે તે પગથીઆં ચુકી ન જવાય. ઠેઠ નીસરણી પર ચઢી રહો કે તુરત સંભાળજો કે દગા ફટકાના

અધર્મિ-મલીન પડદાના દાદરના બારણામાં તમારૂં માથુ ન કુટાય ! ધીમેથી તે દાદરનું દ્વાર દુર કરજો ને બેધડક ઉપર ચઢી જજો. ત્યાં તમારે માટે સર્વમાન્ય " મોટાઇ " તૈયારજ છે, મોટાઇ-મોટાઇ ! તું લઘુતા શિવાય મલતીજ નથી ! સત્યજ છે કે " લઘુતા સેં પ્રભુતા મીલે-પ્રભુતાસેં પ્રભુ દૂર !" પ્રભુ કૃપાએ સત્વર આપણો ખોટી મોટાઇમાં મરી જતો જનસમાજ સત્ય મોટાઇ મેળવવાના માર્ગપર મુકાઓ ! અસ્તુ, **શાંતિ ! શાંતિ ! ! શાંતિ ! ! !**

---

# वन विहङ्ग.

અનુષ્ટુભ્.

વૃક્ષ શાખા પરે કોણ ? બાડી પર્ણ ઘટા વિષે;
આનંદે વનમાં બેસી શોભાવે છે વનશ્રીઆ ? ૧
વનના વાસી ઓ પક્ષી ? ? સ્થિર ચિત્તે તું શું સ્મરે ?
પડયો ગૂઢ વિચારે કે, ગાનના તાનમાં તું છે ? ૨
આકાશે અર્પિને દૃષ્ટિ સ્થિર ચિત્તો શુચી થઇ,
ઘટના ભવ સિન્ધુની ન્યાળે કે, વિભુને સ્મરે ! ૩

ઉપજાતિ.

પક્ષી અરે ! તું બહુ ભાગ્યવાન,
આ દીર્ઘ કીધું વનમધ્ય સ્થાન;
પ્રભુ પદે રક્ત રહી સદાએ,
જીવીતનું સાર્થક તેં કર્યું છે. ૪
પ્રભુ કૃપા પ્રભાવે હું બનીશ તવ સદૃશ,
અહો રાત્ર સ્તવી તેને જન્મનું કરૂં સાર્થક. ૫
પ્રભુ કૃપા અતિ અલ્પ તવાર્થે ગૃહના રચ્યું;
તથાપિ તું રહે રૂડા પ્રાસાદે દેવે રચ્યા. ૬
ન વાવે બીજ કો કાળે યાચના પાણી વૃક્ષને;
તથાપિ મધુરાં પુષ્પો કલિકા બહુ ખાય છે, ૭
આમથી તેમ ઉડીને વિલોકે વૃક્ષ રાશીને;
પરતંત્ર પુરો હું કે અણુએ લ્હાણુ ના મળે. ૮
ચિરવાસી તું સ્વેચ્છાથી વિના રણ્યનો થયો;
મેળવે સુખ એમાં જે પ્રાસાદે નૃપને નતે.

તા. ૧૦—૧૨—૧૧
વડોદરા.
વર્નાક્યુલર કૉલેજ.

મગનલાલ ભાઇશંકર શાસ્ત્રી.

# विपत्ति ए कंइ निरूपयोगी नथी.

( લેખક. શેઠ. જયસિંહ પ્રેમાભાઇ. કપડવણજ. )

પ્રત્યેક મનુષ્યના જીવનમાં દુઃખના અનેક પ્રસંગો આવ્યા વિના રહેતા નથી, કોઇ કોઇ વખતે એમ બને છે કે જાણે દુઃખનો વરસાદજ આપણા ઉપર તુટી પડતો ન હોય એમ ભાસે છે. કોઇ વખત સર્વ રીતે સુખી મનુષ્યનુ ધન એકદમ નાશ પામે છે, સ્ત્રી પુત્રાદિ કુટુંબમાંથી સર્વ મરવા માંડે છે, ઘરબાર વેચાઇ જાય છે અને ખાવાને સુકા રોટલાનો કકડો પણ ન મળે એવી અવસ્થા આવી જાય છે. આ પ્રમાણે નિત્ય કોઇ વખત બનતું રહે છે અને તે બનવાનુ કારણ આપણે સમજી શકતા પણ નથી. દુઃખ અમુકનેજ આવે છે એમ કંઈ ઠેજ નહિ તે સર્વ પ્રસંગે પ્રસંગે આવ્યાજ કરે છે. વરસોના વરસો આનંદમાં મહાલ્યા કરનારનુ ધન સમુદ્રની છોલોની માફક ઉછાળા મારી રહ્યું હોય, ગાડી ઘોડે બેસી તાંબુલ ચાવતા મીત્રોની સાથે પ્રસન્ન વદનથી નવા નવા વસ્ત્રો સજીને ફરતા હોય અને સઘળા કામ કાજમાં વિજય મળતો હોય તોપણ અણચિંતવ્યું દુઃખનું વાદળ આવી ચડે છે અને આપણે ગભરાઇ જઇએ છીએ. આમ કેમ બને છે ? જગમાં નિરંતર સુખ કેમ પ્રસરી રહેલું નથી હોતું, દુઃખ વગર બોલાવે આવી રંગમાં શા માટે ભંગ પાડે છે? એટલાજ માટે કે આપણે અપૂર્ણ છીએ. અપૂર્ણમાં પૂર્ણ બનાવવાનેજ માટે તે થાય છે. પત્થરમાંથી ઉત્તમ મૂર્તિ બનાવવા સલાટ ટાંકણાં મારે છે અને તે જ્યાં પૂર્ણ થાય છે કે તરતજ ટાંકણુ મારતો અટકી જાય છે અને તેના રક્ષણની સાવધાનતા શેવે છે. આપણે અપૂર્ણ છીએ અને પૂર્ણ થવાની જરૂર છે. જ્યાં સુધી અપૂર્ણ છીએ ત્યાંસુધી દુઃખ આપણા ઉપર આવવાનું અને ચેતવવાનું કે પૂર્ણ થવા પ્રયત્ન સેવો પણ આપણે સમજતા હોતા નથી તેથી દુઃખ આવતાં એકદમ ગભરાઇ જઇએ છીએ. જો આપણે અપૂર્ણ અને દોષથી ભરેલા હોઇએ તો દુખનાં વાદળાં આપણા ઉપર તુટી પડવાનાં એ નક્કીજ છે. માટીની સાથે ભળેલા સુવર્ણને ભઠ્ઠીમાં નાખ્યા વિના ચોખ્ખુ થઇ શકતું નથી તેમજ દુઃખના અગ્નિમાં પ્રસાર થયા વિના આપણે પૂર્ણ થઇ શકતા નથી તે ખાત્રીજ છે. આપણે જેવા સુખમાં હોઇએ તેવાને તેવા સુખમાં સદા રહીએ તો આપણી આંખ પૂર્ણ થવાના પ્રયત્નો સેવવા કદી પણ ઉઘાડવાની નહિજ અને પરિણામ એજ આવે કે આપણે અપૂર્ણમાંથી પૂર્ણ થઇએ. દુઃખ પ્રાપ્ત થવાથી અને તેને સહન કરવાથીજ મનુષ્ય મોટો થઇ શકે છે. વિપત્તિના અગ્નિમાં સમતાપણે પસાર થવાથી મનુષ્યમાં મનુષ્યત્વ, દેવત્વ અને પરિણામે સિદ્ધ સ્વરૂપે પરમાત્માપણું પ્રાપ્ત થાય છે. નળ પાંડવ, હરિશ્ચન્દ્ર, ગજસુકુમાળ આદિ. અસંખ્ય મહાજનોએ દુઃખના અગ્નિમાં સમતા પણે પસાર થઈ પરમાત્મ પદ પ્રાપ્ત કરેલું છે અને આ જગતમાં વિખ્યાત થયેલા છે તેમજ સતિ ચંદન બાલાનું દુઃખ પણ તેને ક્ષણ વારમાં મોક્ષ માર્ગ સન્મુખ થવામાં કારણભુત થયું છે તે કોઇથી અજાણ્યુ નહિ હશે. આ રીતે આપત્તિ–વિપત્તિ એજ સુખનું મુળ છે. ફક્ત એટલુંજ કે ધૈર્ય અને સમતા ભાવે તે વેદવું (ભોગવવું) જોઇએ. કદાચિત્ બ્રહ્માંડના ભાર જેટલા દબાણથી દબાય, તિક્ષણ તરવારના ઘાપડે પણ સત્ય ટેકનેકને સાચવનાર અંતે આ ભવમાં નહિ તો પરભવમાં પણ શ્રેષ્ટ સુખસાધનના અધિકારી થાય છે. કોઇ વસ્તુ જ્યારે સારી રીતે કસાય છે ત્યારેજ તેની ખરી કિંમત

અંકાય છે. સોઢાને જ્યારે ઘણા ઘા પડે છે ત્યારે તે છરી તથા ચપ્પુના રૂપમાં બની જન સમાજના ઉપયોગને માટે લાયક થાય છે, સોનું જ્યારે ટીપાય છે ત્યારેજ તે આપણા આ ભુષણ વિગેરેમાં ઉપયોગી થઇ પડે છે, તેની પેઠે જે જે મનુષ્યોના માથે દુઃખ આવે છે અને જેઓ ધૈર્યથી અને સમતા ભાવે વેદી તેનાથી મુક્ત થવાના ઉપાયો યોજે છે તે-ઓજ ખરા અનુભવી અને ધૈર્યશીલ ગણાય છે અને સલાહ લેવાના કારણભુત થાય છે. જેઓ દુઃખઆવે બાયલા, ભિકણ, બિલાડા જેવા થઇ બ્હાવરા બની જાય છે, વખતે આત્મ ઘાત પણ કરે છે અને મેડ (ગોડા) જેવા બની જાય છે અને પોતાની શુદ્ધશાંન ખુવે છે તેઓ આ ભવ બગાડે છે તેમ પર ભવમાં પણ દુઃખી થાય છે દુઃખમાંજ મનુષ્યોના દૈવી ગુણો પ્રકટે છે. વિપત્તિ એ જગતનું જેટલું હીતકર્તાછે તેટલું બીજાથી કવચિત્ થઇ શકે. દુઃખ જ્યારે આપણથી ન ઉચકાય એવા બોજથી દાબે છે ત્યારે આપણે નીચા નમી તેને ધૈર્યથી પસાર કરી સમકિતનું સેવન કરવું જોઇએ. જેમ જેમ આપણા ઉપર દુઃખ વધારે વધારે આવે છે તેમ તેમ આપણે ઉંચેને ઉચેદરજ્જે પહોંચીએ છીએ. આવું, દુઃખ પ્રબળ છે માટે દુઃખ આવે નિશ્વાસ નાખી રડો નહિ પણ ધૈર્ય ગુણને ધારણ કરો અને દુઃખના અગ્નિમાં સમતાપણે પસાર થવાને પ્રયત્ન કરો તેમજ દુઃખ એ સુખને દેવાવાળું, ઉન્નતિ સાધવાનું સાધન માની પ્રસન્ન રહો.

ૐ શ્રી ગુરુ:

# जैन धर्मनुं प्राचीन दिग् दर्शन्.

## અન્ય ધર્મીઓએ કરેલી શોધ.

(**લેખક**—શેઠ રતનચંદ ખીમચંદ. મુ. સુરત.)

નીચલા લખાણ પર હું દરેક સાધર્મી બંધુઓનું લક્ષ્ય ખેંચુછું કે બંધુઓ ! આપણો જૈન ધર્મ પહેલાં કેવી જાહોજલાલી ભોગવતો હતો, તેનું કેવું જ્ઞાન ગર્ભિત સ્વરૂપ છે, તેનું કેવું અલૌકીક અને અગમ્ય મંતવ્ય છે વળી તે કેવો પ્રાચીન છે તે સંબંધી અન્ય ધર્મીઓ તરફથી પાડેલું અજવાળું જે કંઇ સ્હેજ મારા પુસ્તકદ્વારા આલેખવામાં આવ્યું છે તે આપ સમક્ષ રજુ કરૂં છું—

### ભારતીય મતદર્પન.

આ નામનું પુસ્તક જે વડોદરાના શિયાજી વિજય પ્રેસમાંથી પ્રગટ થયું છે. તેને પ્રગટ કર્તા પંડિત રાજેન્દ્રનાથ છે. તે પુસ્તકના ૧૦મે પાને બાબુ કૃષ્ણનાથ બેનરજી લખે છે કે " **જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા એક વખત ૪૦ કરોડ જેટલી હતી, પીછે ઉશીમતમે સેં નિકલકર બહુત લોગ દુશરે ધર્મમે જાનેશે ઇનકી સંખ્યા ઘટગઇ.** " વળી આગળ જતાં જૈન ધર્મના મંતવ્ય અને પ્રાચીનતા સંબંધે ઉલ્લેખ કરતાં તે મહાશય લખે છે કે " **યહ ધર્મ બહુત પ્રાચીન હે, ઇશમત કે નિયમ બહુત ઉત્તમ હે, ઇશમત સેં દેશકો ભારી લાભ પહુચા હે, ઇનકે**

**મંદિરોમાં જાનેસે ચિત્ત પ્રસન્ન હોતા હે, ઔર વૈરાગ્ય હોતા હે."** વળી ઉપલા પુસ્તકમાં પાને ૪૦માં રામાનુંજપંથનો હેવાલ લખ્યો છે તેમાં તેઓ લખે છે કે આ ધર્મના અનુયાયીઓએ સને ૧૧૩૩ માં જૈનમાર્ગી રાજા **હુયશાલ વલાલવંશીને** પોતાના પક્ષમાં લેવાથી દક્ષિણની ઘણી જૈનપ્રજા યથારાજા તથાપ્રજાની માફક તે ધર્મમાં ભલી ગઇ.

## વિદેશોમે જૈનધર્મ.

આ નામનું પુસ્તક બાબુ દેવીશ હાથે પ્રગટ કર્યું છે. તે પુસ્તક ઘણું હૃદયમાહી અને મનનનીય છે તેમજ રીતરિવાજો તથા જૈનધર્મનું મંતવ્ય વિગેરે દેખાડી આપવાને આદર્શ તુલ્ય છે માટે દરેક બંધુઓને તે વાંચવા વિજ્ઞપ્તિ છે—તેમાં જૈનધર્મની ઘણી વાતોનો પણ સમાવેશ કરેલો છે. એ પુસ્તકમાં **એશિયા** એ મથાલા નીચે મિસ્તર. એ. બી. જે. એડવાઇ નામનો મ્હેસુરમાં પાદરી હતો તેણે ભારતના લોકનાં આચરણ તથા ધર્મ સંબંધીનું વર્ણન સને ૧૮૦૬ માં લખ્યું છે જેના માટે નામદાર મદરાસના ગવર્નરે પણ પસંદગી દેખાડી હતી. તેમાં એવું લખ્યું છે કે—જૈન ધર્મની માન્યતા—પૂજા, કોઇ સમયમેં અવસ્ય સારે એશિયામેં અર્થાત્ ઉત્તરે સૈબીરીઆ, દક્ષિણે કન્યા કુમારી, પશ્ચિમે કાસ્પીઅન લૉક એટલે તુર્કસ્તાનના પાછલા ભાગ સુધી, પૂર્વે કામરકાટકા ને જાપાનના પાછલા ભાગસુધી ફેલાઇ હતી. તેમજ મિસ્તર જે. એડવાઇ નામના મીશનરી પાદરીએ નીચલો અભિપ્રાય આપ્યોછે.

**" નિઃસંદેહ જૈનધર્મહી પૃથ્વીપર એક સચ્ચા ધર્મ હે મનુષ્ય માત્રકા તે આદિ ધર્મ હે. "**

આ સિવાય જૈન ધર્મની પ્રાચીનતા બાબે મથુરાના શિલા લેખોમાંથી કેટલા દાખલા ઓ મલ્યા છે. આપણા ત્રવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વ પ્રભુની હયાતી સુધીના દાખલાઓ મલ્યા છે. જેમ જેમ વધુ શોધ કરવામાં આવશે તેમ તેમ પ્રાચીનતાના વધુ દાખલાઓ મળી આવેશે એ નિઃસંદેહ છે.

## મહાન સતી રાજેમતિના પિતા હોવાનો સંભવ.

મથુરાં હિન્દી જૈન પુ. ૧૪ તા. ૧ અગષ્ટ ૧૯૧૨ યહાંકે સમીપ હી એક મટ્ટીકે ટીલેકે ખોદે જાનેપર રાજા **ઉગ્રશેન** કે સમયકે સાઢે તીન મનકી એક આરતી મીલીહૈ. આ શોધ જુનામાં જુની માલમ પડે છે અને રાજેમતીના પિતા **ઉગ્રશેન** હોવાનું અનુમાન થાય છે.

બંધુઓ ! આવો પ્રાચીન અને રત્નચિંતામણી તુલ્ય આપણો ધર્મ એક વખત પૂર્ણ જાહોજલાલી ભોગવતો હતો અને તેની ઉન્નત્તિક્રમનાં શિખરો ઘણે સ્થળે બિરાજતાં, તેના અનુયાયીઓની અત્યારે અલ્પ જેટલી સંખ્યા જોઇ કયા જૈનબંધુઓનું દીલ નહીં દુઃખાય મને આનુકારણ, આપણા કેટલાક ધર્મપ્રવર્તકોની વૃત્તિનો સંકોચ, અજ્ઞાન, અને કુસંપ લાગે છે. હવે **गतं न शोचामि** એટલે ગએલાનો શોચ ન કરવો એ સૂત્ર અનુસાર જેમ બને તેમ આપણો ધર્મ દશે દિશાએ ફેલાય, તેની વિજયપતાકા દરેક સ્થળે ફરકે અને તેની ઉન્નતિનાં શિખરો ગગનમાં ગાજે માટે તેની અભિવૃદ્ધિને માટે અમારા શાસન નાયકો, ધર્મ પ્રવર્તકો યથાશક્તિ પ્રયત્ન કરશે અને ધર્મ ફેલાવશે એવું ઇચ્છી વિરમુ છું.

# भावना स्वरुप.

( લખનાર. ઝવેરી. મુલચંદ આશારામ. વૈરાટી. )

આજે પાશ્ચિમાત્ય પ્રજાનો પ્રવૃત્તિમય પ્રવાહ આ ભારતવર્ષમાં ધોધબંધ વેગથી આવતો જાય છે. જડ વસ્તુની શોધખોળમાં નિપૂણ એવા પાશ્ચિમાત્ય પ્રજાના વિચારોને આજે ભારતવાસીઓ ફુલડે વધાવા લાગ્યા છે. કેંટ, હુંગો વિગેરે જડવાદીઓનો વિચાર આ આર્યાવર્તમાં એવા પુર જોસથી ફેલાવા લાગ્યો છે કે જો અત્યારે મક્કમ પ્રયાસ વડે વિરૂદ્ધ ટીકાઓ સહન કરવાના ભોગે પણ કોઇ દયાળુ મહાશયો તરફથી બચાવ-કરવામાં નહી આવે તો નિરાશ અને અશ્રુપાત સાથે ભારત વર્ષમાંથી આત્મતત્ત્વ ઘણે ભાગે ભૂંસાવાનો વખત આવશે.

સત્યની શોધમાં પડેલી હે ! આર્ય પ્રજા એ ક્ષણીક પૌદ્ગલીક જડવસ્તુઓ સત્ય નથી પરંતુ આત્માતેજ સત્ય છે અને તે તમારીજ પાસે છે, તેની શોધને માટે બહારની રખડ-પટ્ટીએ નકામો પ્રયાસ છે. સંસાર પરિભ્રમણ કે જન્મમરણને જલાંજલી આપવી હોય તો પ્રથમ તમારાજ આત્માને શુદ્ધ કરવાની જરૂર છે.

એ આત્મશુદ્ધિને અર્થે પ્રથમ નિર્મમત્વ ભાવ ઉત્પન્ન થવાની જરૂર છે. જ્યાં અગાડી મમતા સુંદરીનું આગમન છે ત્યાં અગાડી રાગ દ્વેષ અનુચરો હાજરજ છે અને જ્યાં રાગ-દ્વેષની હાજરી છે ત્યાં સર્વ અવ્યવસ્થિત છે. આ અંતરંગ રાજ્યની છીન્ન ભીન્ન સ્થિતિ કરનાર રાગદ્વેષ ઉપર વિજય મેળવવાને માટે સમ્યક્ ગુણ પ્રગટ થવાની જરૂર છે. આ સમ્યક્ ગુણ ( સમતા ) પ્રગટ કરવાને શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કહે છે કે तत्कृते भावना श्रेयत् તે સમતા મેળવવાને માટે બાર ભાવના ભાવવાની ખાસ જરૂર છે. આ ઉત્કૃષ્ટ ભાવને ઉત્પન્ન કરનારી ભાવના—રસાયણનો પ્રભાવ કોઇ એક અલૌકીક છે. તેનું વિવેચન કરતાં એક કવિ લખે છે કે.

બારે ભાવના ભાવતાં, મટે મોહ ઉન્માદ,
વૈરાગી હોય આતમા, પ્રગટે અનુભવસ્વાદ;
ભાવ રસાયણ ભાવના, કરે લોહને હેમ,
પથ્થર નવપલ્લવ કરે, સંત સંગ ગુણ જેમ.

ભાવશૂન્ય થઇ આ ભવસાગરમાં અથડાતા પ્રાણીઓને આ સંસારસાગરનો કીનારો બતાવનારી આ ભાવનારૂપી સ્ટીમર (આગબોટ) ઉપર આરૂઢ થવાની ખાસ જરૂર છે. મુક્તિ નગરીના દરવાજાને બતાવનારી અને વૈરાગ્યરૂપી પતાકાને મજબુતીથી પકડી રાખનાર ભાવનારૂપી દંડ તરફ ધ્યાન આપવાની ખાસ જરૂર છે. એ ભાવનાના શાસ્ત્રકારોએ બાર પ્રકાર બતાવ્યા છે.

૧. **અનિત્ય,** ૨. **અશરણ,** ૩. **સંસાર,** ૪. **એકત્વતા,** ૫. **અન્યત્વ,** ૬. **અશુચી,** ૭. **આશ્રવ,** ૮. **સંવર,** ૯. **નિર્જરા,** ૧૦. **લોકસ્વરૂપ,** ૧૧ **બોધિ દુર્લભ,** ૧૨. **ધર્મભાવના.**

## અનિત્ય.

આ અનિત્યભાવના ને ભાવતાં જાણે તે સમતાને ખેંચી લાવનારૂં લોહચુંબકજ હોય

તેવું દર્શન થાય છે. આ અનિત્યભાવના ખરેખર કાળ ધર્મની સાથે ગાઢો સબંધ ધરાવે છે. દરેક વસ્તુની અનિત્યતા કાળને આધીન છે. એ વિચાર આવતાંજ આ સંસારતાપથી કંટાળેલ મુસાફર વિચાર કરે છે કે હા ! હા ! આ જગત અનિત્ય છે, પ્રભાતે ઉદય થએલ રવિરાજની મધ્યાન અને સંધ્યાની સ્થિતિ વિચારવા જેવી છે. ક્ષણે ક્ષણે બદલાતા સંધ્યાના રંગો ખરેખરી અનિત્યતાનો ખ્યાલ કરાવે તેમ છે. જ્યાં પ્રભાતે નોબતોના ગડગડાટ થઇ રહ્યા છે. મદઝરનાગો જ્યાં ઝુલી રહ્યા છે અને છપ્પન ઉપર ભુંગળો જ્યાં વાગી રહી છે, જે ધરનો ઉંબરો માણસના પગરવ સિવાય એક ક્ષણ પણ બંધ થતો નથી એ મંદીર અને માળીઆઓ મહેલો અને બંગલાઓ આજે શુન્યકાર થઇ રહ્યા છે. જેનો ભયંકર ચીતાર અનિત્યતાનું ભાન કરાવે છે. આપદાઓ જેની દશે દીશાઓમાં ડોકીયાં કરી રહી છે તેવા આડાભની અણી ઉપર રહેલ જળબિંદુરૂપ સંસારને વીણસતાં શી વાર લાગશે. ગમે તેવા ધનવંતરી વૈદ્યો કે શીવિલ સરજનોથી આ અનિત્ય દેહનું રક્ષણ થવું મુશ્કેલ છે. વજ્ર જેવા શરીરને ધારણ કરનારા શુરવીર યોધ્ધાઓ ચાલ્યા ગયા તો આ કાચની ચીમની જેવી કાયાને ફુટતાં કેટલી વાર લાગશે. જળની કલ્લોલોની માફક આ આયુષ્ય અસ્થિર છે. ગમે તેવા ગુણી અને કાંચનમય શરીર તરફ આ મરણ દાક્ષિણ્યતા રાખે એ સમજવુંજ ભુલ ભરેલું છે. આખી દુનિયાને એક લગામે હાંકનારા શુરવીર યોદ્ધાઓ પણ મરણના ઝપાટેથી બચી શકયા નથી. સેંકડો બાળ વૃધ્ધોનું ધ્યાન ખેંચનાર યૌવન પણ જરાને આમંત્રણ કરે છે. વિજળીના ચમકારાની માફક ચળકતું યૌવન ક્ષણવારમાં નાશ પામે છે. એ યૌવનની અનિત્યતાનો ખ્યાલ આપતાં એક વૃદ્ધ માતા કે જરાએ જર્જરીત થઇ ગઇ છે, કમ્મર વળી જવાથી દ્રષ્ટિ ભૂમી સન્મુખ રહે છે મસ્તક પણ અસ્થિર થઇ રહ્યું છે, ચાલવાની શક્તિ ક્ષિણ થવાથી લાકડી રૂપી ત્રીજા પગનો આશ્રય લેવો પડ્યો છે. જે એ રસ્તે તે ચાલી જાય છે ત્યાં અગાડી એક યુવાન, ડોશીને પૂછે છે કે માતા! આપનું શું ખોવાયું છે કે આમ નીચે જોઇને ચાલો છો ? ડોશીએ ઉત્તર આપતાં જણાવ્યું કે દીકરા ! મારૂં યૌવન ખોવાયું છે. તે શોધું છું. ત્હારૂં યૌવન ખોવાય નહીં માટે સાવધ રહેજે અર્થાત ત્હારૂં પણ યૌવન ચાલ્યું જશે અને આવી સ્થિતિ થશે. ખરેખર ખીલેલા પુષ્પોની માફક આ ખીલેલું યૌવન ટુંક સમયમાં કરમાઇ જશે.

અનેક કલેશોને સહન કરી પેદા કરેલું અને ઘણી મહેનતે સાચવેલું ધન ક્ષણવારમાં નાશ પામશે. પાણીના પરપોટાની માફક લક્ષ્મિનો સ્વભાવજ ચંચળ છે. એ લક્ષ્મિની ચંચળતાના પુરાવાઓ માટે ઇતિહાસ ભરપુર છે. ઘેર ઘેર ભીખ માંગનાર મુંજરાજ પાસે લક્ષ્મિની ક્યાં કમીના હતી ? દાસપણે રહેનાર પાંડવો પાસે ધનની શી ઓછાશ હતી ? વનવાસને વેઠનાર રામ પાસે દ્રવ્યની શી તંગાશ હતી ? કરોડોપતીનાં દેવાળાં અને અબજોપતીની હાલ હવાલ સ્થિતિ અનિત્ય લક્ષ્મિનું ભાન કરાવે તેમ છે.

ટુંકાણમાં હે માનવી, સર્વ પુરષાર્થના કારણ રૂપ આ શરીર વિકરાળ વંટોળીઆથી વીખરાતા વાદળાંની માફક નાશવંત છે, લક્ષ્મિ સ્વભાવેજ ચંચળ છે, પ્રાપ્ય સંયોગો વિયોગોથી ભરપુર છે, જુવાની શબ્દજ જવાનું ભાન કરાવે છે. આવી રીતે અનિત્ય ભાવની શ્રેણીએ ચઢેલો પુરૂષ જ્યારે વ્હાલામાં વ્હાલા પુત્રના મરણથી પણ શોક કરતો નથી ત્યારે મમત્વથી મુંઝાએલ મૂઢ પુરૂષો એક માટીનું વાસણ ફુટતાં મહેલ્લાઓ મજાવી મુકે છે. આ-

વી રીતે જગતની અનિત્યતાનો વિચાર કરતાં નિર્મમત્વ ભાવ ઉત્પન્ન થાય છે. મમતાનો અભાવ થયો એટલે તરતજ ચિત્તની સ્થિરતા થાય છે. આવી રીતે હૃદયની સ્થિરતાને પામેલો પુરૂષ બીજી અશરણ્ ભાવના ભાવતાં વિચાર કરે છે કે.

( અપૂર્ણ. )

---

# सुखनुं मूळ शुं ?

( **લેખક**—એમ. એમ. મ્હેતા. વડાલી. )

સર્વ કોઇ નાના યા મોટા, કીડીથી માંડીને કુંજર, બાલકથી માંડીને વૃદ્ધ, પશુ પક્ષી અને પ્રાણીઓને પોતાનું જીવન સુખમય ગાળવાની અભિલાષા પ્રાપ્ત થાય છે અને સમય મળતાં, પ્રસંગો પ્રાપ્ત થતાં પોતાની શક્તિઅનુસાર સુખસાધન ખોળવાના પ્રયત્નમાં મશગુલ બને છે અને સુખ મેળવે છે. આવી રીતે સર્વ કોઇ **જીવસંજ્ઞા નામધારક** સુખ પ્રાપ્ત કરવાને ફાંફાં મારતા આપણી નજરે પડે છે. હવે આપણે આ પ્રસંગે મનુષ્ય વર્ગને સુખનાં કયાં કયાં સાધનો છે તેનો વિચાર કરીએ. મનુષ્યોને સુખનાં સાધનનું મૂળ **સદ્જ્ઞાન** છે. સદ્જ્ઞાન એ તેમને પૂર્ણ સુખની પરાકાષ્ટાએ—પહોંચાડવાને કારણભુતછે કારણ કે સદ્જ્ઞાન એ અક્ષય સુખનિદાન છે કારણ કે તે પ્રભુપ્રતિ પ્રેમલક્ષણા ભક્તિ ભાવને ભજનારૂં છે. દુઃખદરિયામાં ડુબતા જનોને પ્રવહણ (વહાણ) સમાન છે, ઐહીક તેમજ પરલૌકિક સુખનું સાધન છે, પરમાનંદ કંદ અને મુક્તિ નિદાન છે, સ્વર્ગ સીઢીનું પ્રથમ પગથીયું છે માટે તેવું સદ્જ્ઞાન મેળવવાને કોની ઇચ્છા નહિ થતી હોય ? કાચ મૂકી રત્ન પકડવાનું કોણ પસંદ નહિ કરે ? અર્થાત સર્વ કોઇ સારૂં લેવાને ચહાય છે. આ સદ્જ્ઞાન શાથી મળે ? તે પ્રાપ્ત કરવાનાં કયાં કયાં સાધનો છે તે ઉપર હવે આપણે વિચાર કરીશું. **યોગનિષ્ટ પૂજ્ય મહાત્મા શ્રીમદ્ બુદ્ધિસાગરજી**ના શબ્દમાં કહીએ તો " સદ્જ્ઞાન સદાચારથી મલી શકે છે કારણ કે સદાચારથી ઇંદ્રીયો વશ થાય છે. ઇંદ્રીયો વશથી કષાય જેવા કે—ક્રોધ, માન, માયા, અને લોભ જીતાય છે અને કષાય જીતવાથી ધ્યાન થાય છે અને ધ્યાન થયા બાદ મુક્તિ થાય છે" માટે સર્વ સુખનું મુળ ગણો યાતો સર્વ સુખનો પાયો ગણો તો તે સદાચાર છે. મનુષ્યો વખતે ફાવે તેટલી વિદ્યા ભણે, લાંબાં લાંબાં ભાષણોનાં બણુગાં ફુંકે, હજારો પાનાંનાં પાનાં ભરાય એટલાં પુસ્તકો રચે, પરંતુ જો તે સદાચાર વિનાનો—વિશુદ્ધ હૃદય વિનાનો હશે તો એ કેવલ વનમાં મનોહર માલતી પુષ્પની પેંડજ છે. તેમના વચનમાં કોઇ વિશ્વાસ રાખતું નથી તેમજ લોકોમાં પણ તેઓની જોઇએ તેટલી પ્રતિષ્ઠા હોતી નથી માટે હંમેશાં ઉન્નતિના ક્રમરૂપ તેમજ સુખની પ્રગતિના કારણરૂપ સદાચાર સાધવો એ દરેકની સૌથી પહેલી ફરજ છે. હવે આ સદાચાર શાથી પ્રાપ્ત થાય છે તેનો વિચાર કરીશું. આ સદાચાર એકલા વ્યવહારીક જ્ઞાનથી પ્રાપ્ત થતો નથી. મોટી મોટી પરીક્ષાઓ પાસ કર્યાથી, મોટી મોટી ડીગ્રીઓ પ્રાપ્ત કર્યાથી, ચંદ્રકો (ચાંદ) અને પારિતોષિકો (ઇનામો) મેળવ્યાથી માણસ સદાચારી બની શકે છે તેમ નથી પણ જો વ્યવહારીક જ્ઞાનની સાથે તેના મગજમાં ધાર્મિક સંસ્કારોનું બીજ રોપાયું હોય તોજ તે માણસ સદાચારી નીવડે છે. વ્યવહારિક જ્ઞાનની સાથે ધાર્મિક જ્ઞાનની પૂર્ણ

જરૂર છે. આ બંને જ્ઞાન જો ભેગાં થાયતો સોનુ અને સુગંધને ઉત્તમ યોગ થવા જેવું થાય છે. એકલુ વ્યવહારિક જ્ઞાન તે ઘી વિનાના ભોજન જેવું લુખુ છે, મીઠા વિનાના ભોજન જેવું છે, સુગંધ વિનાના પુષ્પ જેવું છે અને સ્વાદ વિનાના ફળના જેવું છે. હવે આ બંને જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે આપણી ઇચ્છીત વસ્તુ સાધવાને માટે આપણામાં બોર્ડીંગોની ખાસ અગત્યતા છે કારણકે બોર્ડીંગોમાં છોકરાઓને નાનપણથી કેળવી શકાય છે અને તેમનામાં મુળથીજ ધાર્મિક સંસ્કારો પડવાથી મોટપણે તેમનું જીવન ઘણી સારી રીતે ચલાવી શકે છે કારણકેઃ—" Thoughts are fountain from which our actions flow. " માણુસના મગજ ઉપર જેવા જેવા સંસ્કારો પાડવામાં આવે છે તે પ્રમાણે તે વિચાર કરે છે અને પછી તે વિચાર પ્રમાણે આચરણ કરે છે માટે હંમેશાં બાળકને નાનપણથીજ સારા ધાર્મિક પવિત્ર સંસ્કારો પાડવા તે દરેક મનુષ્યની ફરજ છે. નાનપણમાં હ્રદય માટી જેવું પોચુ ગણાય છે એટલે જેમ માટીમાં પાણી રેડીએ અને તે તરત ચુસી લે છે તેમ તે બાળકના કોમળ મગજમાં જેવા સંસ્કારોનું બીજ રોપીએ તે પ્રમાણે તે આચરણ કરે છે અને તેવું ફળ મેળવે છે. મોટપણમાં હ્રદયો પાષાણુ તુલ્ય ગણાય છે એટલે જેમ પથ્થરપર પાણી નાંખવું નકામું છે તેમ મોટપણે ઝટ લઇને મનુષ્યોને સંસ્કારો ચોંટતા નથી. માટે સદ્દજ્ઞાનની વૃદ્ધિ અર્થે આપણામાં બોર્ડીંગોની વિશેષ જરૂર છે. હાલ જે બુમ પાડવામાં આવે છે કે આપણામાં કેળવાયેલા ભાગ માંના ઘણો ખરો ભાગ નાસ્તિક પ્રાયઃ છે તેવી બુમો જો બોર્ડીંગોની આપણામાં પ્રથમથી હયાતી હોત તો મારા ધાર્યા પ્રમાણે તેમને તેવી બુમો પાડવાનું કારણ મળત નહિ કારણ કે આપણી બોર્ડીંગો નહિ હોવાથી પરગામથી ભણવા આવનાર વિદ્યાર્થીઓને વીશીમાં, હોટેલમાં યા નહિતો અન્ય બોર્ડીંગોનો આશ્રય લેવો પડે છે તેથી તેઓ પોતાના ધર્મના આચાર વિચારોથી વિમુખ રહે છે માટે આપણે આપણા અભ્યુદયના ચિન્હભુત બોર્ડીંગોની સ્થાપના કરવી જોઇએ અને એવી જે સંસ્થાઓ હોય તેને તન, મન અને ધનથી યોગ્ય મદદ કરવી જોઇએ. હાલનો જમાનો કેળવણીનો છે. જે કેળવણીથી માણુસ સારૂં, નરસું હિત અને અહિત જાણી શકે છે, જે કેળવણીથી માણુસ કુશળ ગણાય છે, જે કેળવણીથી માણુસ સર્વત્ર માન પામે છે અને જે કેળવણીથી આપણા અભ્યુદયનો સૂર્ય પૂર્ણ પ્રકાશથી પ્રકાશવાનો સંભવ રહે છે તેવી કેળવણીના ક્ષેત્રને વિશાલ કરવા દરેક બંધુએ પ્રયાસશીલ બનવું જોઇએ. ઘણી વખત આપણી કોમ ઉપર ધર્મઉપર કેવા કેવા આક્ષેપો થાય છે તેથી મારા ધારવા પ્રમાણે આપણી કોમ અજાણી તો નહિજ હોય હવે આવું જાણ્યા છતાં તેની આગળ વિચારોનું બિંગલ ફુંક્યા છતાં પણ જ્યારે જૈનકોમ ન જાગે ત્યારે તેમાં કોનો દોષ—દોષ ભવિતવ્યતાનોજ. બંધુઓ ! વિચારો કે કેળવણી વગર કોઇનો ઉદય થયો છે ? તમારા ઘરમાં પણ જો છોકરાં વિદ્વાન હશે તો તમને કેટલો આનંદ થશે. માટે જ્ઞાનને પ્રથમ પદ આપો. તમારે એક રૂપિયો ખર્ચવો હોય તો અડધો જ્ઞાનમાં ખર્ચવાનો વિચાર કરો. હવે તમો તમારો ઉદાર હાથ જ્ઞાન ક્ષેત્રો તરફ લંબાવો નહિંતર જ્ઞાનદશાના અભાવે હાલ આપણુને ઘણું શોચવું પડયું છે માટે ભવિષ્યમાં તેવો વખત ન આવે તેથી સાવધ રહો અને ભુલ્યા ત્યાંથી ફરીથી ગણો. પ્રથમ આપણી કોમ પૈસે ટકે ઘણી સુખી હતી તેથી કોઇ કોઇની પાસે મદદ માગે તેમ નહતું તેથી ઘણા પૈસાનો સદુપયોગ દેવલો બંધાવવા વિગેરેમાં થયેલો છે

પણ હાલની સ્થીતિથી તો કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે. જે કોમમાં હજાર રૂપિયા માટે પણ હાથ ધરવાને ધીક્કારનારા હતા તે હવે એક રૂપિયા માટે હાથ ધરતાં ખુશી થાય છે શું આ આપણી સ્થીતિનું ભાન નથી કરાવી આપતું ? બંધુઓ હવે જનાવરો કરતાં જનાવરોના પાલકો તરફ પહેલું લક્ષ આપો તેમને સાધન આપો. બોર્ડીંગોને પ્રથમ મદદ કરો. દયાને વિવેક કરતાં શીખો. દયાના વિવેકની ખામીને લીધે વનરાજ ચાવડામાં જે એક દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે તે જૈનોને ઉપહાસના હેતુભુત છે તેના તરફ જરા દષ્ટિ કરો. આ કામ કરો અને આ ન કરો તેવું હું કહેવા માગતો નથી પરંતુ જે વખતે જેની જરૂર હોય તે કરો. જ્ઞાન વિના આપણી ચડતી નથી માટે તે જ્ઞાનના સાધનભુત બોર્ડીંગો પાઠશાળાઓ અને પુસ્તકાલયો ખોલો અને જ્ઞાન જ્ઞાન અને જ્ઞાનનો ફેલાવો કરવામાં દરેક જણ પોતાની સુકૃત કમાઇનો શક્તિ અનુસાર ફાળો આપો કારણકે કેળવણીથીજ આપણો ઉદય થનાર છે એટલું લખી હું મારા લેખની પૂર્ણાહુતિ કરૂં છું.

ૐ શાંતિ. શાંતિ. શાંતિ.

---

## अनुभव आवशे साचो.

### કવ્વાલિ.

કરી એકાગ્ર મન સત્વર, અધુરા યોગને તું સાધ;
સદા અભ્યાસ કરવાથી, અનુભવ આવશે સાચો. ૧
ઉપાધિયો કરીને દૂર, રહી એકાન્તમાં યોગે;
થઇ તન્મય વહે આગળ, અનુભવ આવશે સાચો. ૨
ઉતર ઝટ આત્મમાં ઉંડો, સદા સ્થિર રાખ ત્યાં મનડું;
થશે જો વાસનાઓ દૂર, અનુભવ આવશે સાચો. ૩
પરોક્ષે પણ પ્રતીતિ દ્દઢ, વહે આનન્દની ધેનજ;
વિલય વિક્ષેપનો થાતાં, અનુભવ આવશે સાચો. ૪
ખરેખર પ્રેમની લગની, સદા લાગી રહે ઉત્તમ;
ઉતરવાથી ઘણું ઉંડું, અનુભવ આવશે સાચો. ૫
બહુ યૌગિક ગ્રન્થોનો, અનુભવ લઇ ગુરૂગમથી;
સ્થિરાસન ચિત્ત કરવાથી, અનુભવ આવશે સાચો. ૬
અનાશ્રિત કાર્ય કરવાનો, થશે અભ્યાસ જો નિશદિન.
થતાં સંકલ્પનો ત્યાગજ, અનુભવ આવશે સાચો. ૭
ઘણી શ્રદ્ધા ઘણી ભક્તિ, દયા ગંગા વિષે ન્હાતાં;
"બુદ્ધયબ્ધિ" ધ્યાન અભ્યાસે, અનુભવ આવશે સાચો. ૮

स्वगत.

# मर्हुम नगर शेठ. चीमनभाइ निमित्ते मळेलो सभानो टुंक हेवाल.

અત્રે આંબળી પોળના ઉપાશ્રયે યોગનિષ્ઠ મુનિશ્રી બુદ્ધિસાગરજીના પ્રમુખપણાનીચે મર્હુમ નગર શેઠ ચીમનભાઇના આત્માને શાંતિ ઇચ્છવા અત્રેના આંબલીપોળના ઉપાશ્રય તથા સંભવજીન મંડળ તરફથી એક સભા મેળવવામાં આવી હતી. શરૂઆતમાં બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઇએ સભા બોલાવવાની જાહેર ખબર વાંચી બતાવી હતી, ત્યાર બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ વક્તા—દોશી મણીલાલ નથુભાઇએ જણાવ્યું કે નગરશેઠ. ચીમનભાઇ સાથે મારે પરિચય હતો. તેઓનામાં મલતાવડાપણાનો પ્રશસ્ય ગુણ હતો. તેઓ સાદા અને નિરાભિમાની હતા. તેમના સુકૃત ભંડારની યોજના માટે સારા વિચાર હતા. તેમ કૉન્ફરન્સ પ્રત્યે પણ ઘણો ચાહ રાખતા. તેઓ દક્ષિણમાં આમલનેર કૉન્ફરન્સના પ્રમુખ થયા હતા—તેમનો ચ્હેરો આનંદી હતો. મુખ પ્રસન્ન રહેતું. આણંદજી કલ્યાણજીની પેઢીનું પ્રમુખપદ તેમને મલ્યું હતું. તેમનામાં દાનવૃત્તિ દાક્ષિણ્યતા અને પરોપકારવૃત્તિના ગુણો સારા હતા દુઃખીને દેખીને દાઝતા હતા વિગેરે કહી મર્હુમના આત્માની શાંતિ ઇચ્છી પોતાની જગા લીધી હતી. ત્યારબાદ બોર્ડીંગના વિદ્યાર્થી-ડૉ. માણેકલાલ મગનલાલે જણાવ્યું જે—કાલનીગતિ ગહન છે, નગર શેઠ ચીમનભાઇનું અકાળ મૃત્યુ જોઇ ઘણું લાગી આવે છે તેમના વંશજોએ ઘણાં પરાક્રમ કર્યાં છે. આપણી કોમને તથા અત્રેના સમસ્ત શહેરીઓને તેઓએ ભારે ઉપકાર કર્યા છે. નગરશેઠ. ચીમનભાઇ પણ આપણી કોમના સ્તંભ તુલ્ય હતા. તેમની કોમનું ભલું કરવાની તીવ્ર લાગણી હતી—તેઓનો કેળવણી પ્રત્યે તેમજ વિદ્યાર્થીઓ પ્રત્યે ઘણો પ્રેમ હતો. અમારી બોર્ડીંગના તેઓ મેમ્બર હતા ને બોર્ડીંગને રૂ. ૧૦૦૦)ની ઉદાર મદદ આપી હતી. આપણે તેમનું સ્મારક કરવું જોઇએ વિગેરે કહી મર્હુમના આત્માને શાંતિ ઇચ્છી પોતાની જગા લીધી હતી. ત્યારબાદ મુળચંદ આશારામ વૈરાટીએ કહ્યું કે- કોન્ફરન્સ માટે નગરશેઠ ચીમનભાઇનો ઘણો પ્રેમ હતો તે તેમના કોન્ફરન્સ નિમિત્તે આપેલા ભાષણમાંથી જણાશે. તેમજ તેમની સુકૃત ભંડારના સબંધમાં ઘણીજ લાગણી હતી વિગેરે કહી પોતાની જગા લીધી હતી—ત્યારબાદ બોર્ડીંગના વિદ્યાર્થી—અંબાલાલ ત્રીભોવનદાસે કહ્યું કે—નગરશેઠ ચીમનભાઇ આપણી કોમના આભુષણ રૂપ હતા- તેઓનામાં દાક્ષિણ્યતાનો અને સહનશીલતાનો પ્રશસ્ય ગુણ હતો. તેમના મરણ માટે અમો બોર્ડીંગના સર્વે વિદ્યાર્થીઓ ઘણા દિલગીર છીએ. તેઓ દયાળુને પરોપકારી હતા. વિગેરે કહી મર્હુમના આત્માની શાંતિ ઇચ્છી તથા તેમનાં બાળ વિધવાને પ્રભુ કૃપાએ દિલાસો મળો એવું ઇચ્છી પોતાની જગા લીધી હતી—પછી—પાલખીવાળા શા. કેશવલાલ જમનાદાસે તેમની લોકના ભલામાં લાગણી હતી વિગેરે કહી પોતાની જગા લીધી હતી. છેવટ સભાના પ્રમુખ શ્રીમદ્ મુનિશ્રી બુદ્ધિસાગરજીએ ઘણુંજ અસરકારક અને હૃદયદ્રાવક ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે નગરશેઠ. ચીમનભાઇનો જો કે મારે ઝાઝો સમાગમ ન હોતો છતાં જે કંઇ મારે તેમની સાથે થોડો ઘણો સમાગમ થયો હતો તે ઉપરથી હું જણાવું છું કે, નગર શેઠ. ચીમનભાઇમાં દાક્ષિણ્યતાનો ઘણોજ પ્રશસ્ય ગુણ હતો. કોઇ વખત કોઇ તેમનો મિત્ર કે અન્ય કોઇ મુશ્કેલીના પ્રસંગે તેમની પાસેથી મદદ માગે તો તેઓ તેને ખુશીથી આપતા. આથી જો કે તેમને કેટલાક કહેતા કે તેઓ ભોળા છે પરંતુ ખરી રીતે

આવા એક ઉમદા ગર્ભ શ્રીમંતને છાજતા ગુણોને ભુલી જઇને તેને ભેળાભનું ઉપનામ આપવું તે કેવળ અયોગ્ય છે. પોતે લજ્જાળુ તેમજ દયાવાળા હતા. ગયા વરસમાં દુકાળ પ્રસંગે તેમને : શક્તિઅનુસાર સારી મદદ આપી છે. દરેકનું સન્માન કરતા. કોઇને કદિ બનતા સુધી કટુવચન કહેતા નહી તેમને સ્વધર્મીબંધુ પ્રત્યે ઘણો પ્રેમ હતો. આ પ્રસંગે જૈનો દયાનો અવિવેક કરે છે એ તેઓશ્રીએ સરસ રીતે સમજાવ્યું હતું. તેઓ નવા તેમજ જુના વિચારોને પસંદ કરતા હતા. તેઓ મોજશોખ તેમજ વૈભવમાં વધુ ન રાચતાં જેમ બને તેમ સાદાઇનેજ ચાહનાર હતા તેઓ કુવ્યસનથી મુક્ત હતા. પોતાના ઉમદા ગુણોથી મોટી પદવી પામ્યા હતા. તેઓ કર્તવ્યપરાયણ હતા. સુલેહ અને શાંતિજ તેમને વધુ પસંદ હતી. કાન્ફરન્સ નિભાવને માટે સુકૃત ભંડારની યોજનાના તેઓ ઉપાસક હતા. તેમજ કૅાન્ફરન્સ પ્રતિ તેનો ઉત્કર્ષ કરવા તેમનું ઘણું અંતઃકરણ દ્રવતું હતું. આણંદજી કલ્યાણજીની પેઢીનું તેઓને પ્રમુખપદ મલ્યું હતું. તેમની ટુંક પ્રેસીડન્ટશીપમાં પણ પેઢી તરફથી સન્માર્ગે ઘણા સારા પૈસા ખરચાયા છે. જો પોતે લાંબુ જીવ્યા હોત તો જૈનકોમ ઉપર સારો ઉપકાર કરી શકત. મહિલાપરિષદના પણ પોતે ચુસ્ત હીમાયતી હતા. સાધર્મી બંધુઓને ઉચ્ચ સ્થિતિ પર મુકવાને તેઓના ઉચ્ચ આશયો હતા. તેઓ કલેશનું ઉચ્છેદન કરનારા હતા. આ સંબંધમાં બોલતાં તેઓશ્રીએ જણાવ્યું કે અત્યારે જે જૈનોમાં અશાંતિ પ્રસરી રહી છે તેને શાન્ત કરવા શાંતિ સ્નાત્ર વિગેરે ભણાવવાની જરૂર છે.

છેવટ તેમના આત્માની શાંતિ ઇચ્છી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું. ત્યાર બાદ મર્હુમના કુટુંબ ઉપર દિલાસાપત્ર મોકલવાનો ઠરાવ કરી સભા વિસર્જન કરવામાં આવી હતી.

---

# नगरशेठ. चीमनभाइ लालभाइ देहोत्सर्गकाव्य.

સુકોમળ પુષ્પ ખરી પડ્યું બહુ પ્યારૂં, થયું ઘણું એ નઠારૂં. સુકોમળ. ૧
તાપે તપીયું કરમાયું બહુ, કૂળને શોભવનારૂં,
પ્રખરવાયુની ઝાપટ લાગી, થયું પ્રાણથી ન્યારૂં. સુકોમળ. ૨
જળ રસની બહુ સ્હાય મળી નહિ, જલજલ કરતું ચાલ્યું,
મનનું ધાર્યું મનમાં રહ્યું સહુ, ફુલી ફળી નહિ ફાલ્યું. સુકોમળ. ૩
ઉપવનની શોભા કરનારૂં, સૌને લાગે મારૂં,
સકળ પુષ્પમાંહી એ સારૂં, સુગંધી ફેલાવનારૂં. સુકોમળ. ૪
દૈવ તને આ લાજ ન આવી, ખીલંતાં સંહાર્યું,
સકળ બન્યું આભાવી હતું તે, થઇ ગયું અણધાર્યું. સુકોમળ. ૫
આશ ધરીના ફળની તારી, સૌએ એજ વિચાર્યું,
ભાગ્ય વિના આશા નવી ફળતી, થયું કુદરતનું ધાર્યું. સુકોમળ. ૬
**ચમનપુષ્પ** ! સુગંધે તારી ભ્રમરોએ સંભાર્યું,
શાન્તિ તને હો નિર્મળબુદ્ધિ, સઘે એ ઉચ્ચાર્યું. સુકોમળ. ૭

---

# [1]શોક વર્ષણ.

( પાદરાકર. )

**મંદા—ક્રાંતા.**

રે ! રે ! મૃત્યુ ! તુજ હૃદય તો ક્રુર નિષ્ઠુર ભાસે !
લીધા ભોગો અગણિત છતાં કાં હજી ના વિરામે !
આશાવંતા હૃદય વનના પુષ્પને તોડી લીધું ?
હા ! હા ! સ્નેહિ ' અમૃત ' હરતાં કાળજું કાં ન છેદ્યું ? ૧
સ્નેહે સિંચ્યાં ટુંક સમયમાં મૂળ એ છોડવાનાં,
ને પોષ્યાંતાં, પ્રણય રસથી, ડાળને પત્ર એનાં;
ફાલ્યો થોડો કંઇક મીઠડી આશ દેતોય લાંબી,
ન્હાનો તોયે, તરૂવર સમો ભાસતો એ પ્રીતેથી ! ૨
ત્યાં તોફાને અરર ! ચિમળ્યો ન્હાનકો છોડ વ્હાલો !
ચુંટી નાંખ્યો અહ પલકમાં કાળ આવ્યો અકાળો !
આશા લાંબી હણિ નિરદયે તોડી ઉરાડી દીધો !
રે ! રે ! મ્હારો પ્રણય રસનો કુમળો છોડ છેદ્યો ! ૩
ગ્રીષ્મે જ્યારે જરૂર જળની હોય છે ખાસ ત્યારે,
ભાનુ કિર્ણો પ્રખર પડતાં વ્હેળીઆતો સુકાયે?
મેઘે પાછાં જળભર થશે વ્હેળીઆંતો તથાપિ,
નાના મ્હારૂં મધુકુસુમ તો ખિલવાનું કદાપિ ! ૪
ખેડુ તોડે વરકણુસલું, પકવ પૂરૂ થયેલું.
હા ! હા ! આતો હજુય ઉગતું, પુષ્પ ઘેલું નવેલું !
પેસે છે એ મધુર ફુલડું. હા ! યુવાના વસંતે !
ત્યાં તો સૌને સુમન અર્થે, રોવું નિર્માયું ભાસે ! ૫
વાયુ પાડે ભુપર સઘળાં, પત્ર જે પકવ હોયે !
હા ! હા ! આતો કુસુમ કળી છે ખીલતી, પકવ ન્હોયે !
ત્હોયે કાળે કુસુમ કળી હા ! ખુંટી નાંખી અરે રે!
ને સ્નેહીના હૃદય કમળો ખુંટી નાંખ્યાં ખરે—રે ! ૬
ના વિચાર્યું જનક જનની, ની દશા—દુખને ત્હેં ?
કે બાળા એ ધિઠ્ઠુર જીવશે આશ શી ધારીને રે ?
મિત્રોનો એ **અમૃત** મધુ ! હા ! ગયો જ્યાં ઉડીને !
શાંતિ હોજો અહ ! મૃદુલશા આત્મને દિવ્ય ભૂમાં ! ૭

પાદરા.—૩–૯–૧૨ **શાંતિ ! શાંતિ !! શાંતિ !!!**

---

૧ લેખકના સન્મિત્ર-વડોદરા વાસી રા. અમૃતલાલ કેશવલાલ શાહ એમના તા, ૨–૯–૧૨ ના અત્યંત ખેદજનક મૃત્યુ સમયે લખેલું.

# શું માયા અસત્ છે ?

( **લેખક**–શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ. અમદાવાદ. )

કેટલાક આપણા હિંદુ ધર્મી માયાને **અસત્** કહે છે. શું આ સંભવીત છે ? તેના માટે કોઇ સબળ પુરાવો આપના સમર્થ છે ? **સત્** To be એટલે હોવું અને **અસત્** Not to be એટલે નહિ હોવું. આમ માયાને જે **અસત્** માનવામાં આવે છે તે કયા કારણથી છે તે સમજી શકાતું નથી. માયા–પ્રકૃતિ–કર્મ એ સઘળા સમાન પર્યાય વાચક શબ્દો છે. એ સઘળા પરમાણુના વ્યપદેશભાક્ છે. તે પરમાણુઓ સુક્ષ્મ છે, તે ચર્મ ચક્ષુથી ગોચર થઇ શકતા નથી પરંતુ અનુભવમાં આવે છે. આવું જે માયાનું–પ્રકૃતિનું સ્વરૂપ છે તે માયા **અસત્** છે એમ કદિ કહી શકાય તેમ નથી. **તર્કસંગ્રહમાં. નૈયાયિકો** એ પરમાણું Atoms ને નિત્ય તરીકે અંગીકાર કરે છે. તેમ **રસાયણ શાસ્ત્રોનાં વેત્તાઓએ** પણ પરમાણુઓની નિત્યતા સ્વીકારી છે. હવે વિચારો કે જે જે નિત્ય છે તેને **અસત્** નો આરોપ કેમ મુકી શકાય ? આની પુષ્ટિમાં જે તેઓ દાખલા પ્રતિપાદન કરે છે, જેના ઉપર સત્યની મદાર બાંધે છે, અને જેને ઉપનિષિદો વિગેરે વધુ આવકારદાયક ગણે છે તે એ છે કે આરિસામાં જેમ માણસનું પ્રતિબિંબ પડે છે, સુર્યના પ્રતિબિંબ જલાશયો વિગેરેમાં પડે છે, વળી સ્વપ્નમાં જે પદાર્થો પ્રાંત ભાસે છે, તે સઘળું મિથ્યા છે તેવીજ રીતે માયા પણ મિથ્યા છે એટલે કંઇ વસ્તુજ નથી અર્થાત્ તે **અસત્** છે એમ માને છે. હવે આપણે તે દાખલાઓનું સ્પષ્ટિકરણ કરીશું. તેના માટે પ્રથમ તો એજ સવાલ ઉઠે છે કે જે વસ્તુના પ્રત્યાલોચનથી **અનુગ્રહ** અને **ઉપઘાત** થઇ શકે તો તેને વસ્તુ તરીકે આરોપી શકાય કે નહિ ? મારા ધારવા પ્રમાણે તો તે **અવસ્તુ** તરીકે તો માની શકાય નહિ. પ્રતિબિંબ–છાયા પડછાયો એ સઘળા સમાન પર્યાય વાચક શબ્દો છે. હવે આપણે વિચારો કે જો પ્રતિબિંબ કંઇ વસ્તુ જ ના હોત અથવા તો તે જો રસાયણિક પ્રયોગોથી ખેંચી ના શકાત તો દુનીયામાં કોઇ પણ માણસ યા વસ્તુના ફોટાઓ પાડી શકાતજ નહિ. ફોટોગ્રાફર જ્યારે ફોટો પાડે છે ત્યારે ફોટો પડાવનારને તેના કાચ સામું બેસવું પડે છે. આ શું બતાવી આપે છે ! વળી માણસ ચાલે છે ત્યારે તેનું પ્રતિબિંબ પડે છે તે આપણે જોઇએ છીએ. આપણામાં એવું કહેવાય છે કે અભડાયલી સ્રીઓનો–રજસ્વલા પડછાયો યા પ્રતિબિંબ અમુક પ્રકારના સુકાવા મુકેલા પાપડો ઉપર પડે તો તે પાપડો ફાટી જાય છે, પારાના કુવાની અંદર જો નક્ષેત્રનાનું પ્રતિબિંબ પડે તો તે પારો એકદમ ઉછળે છે, સુર્યના પ્રતિબિંબ જ્યારે પાણીમાં પડે છે ત્યારે તે પાણી ગરમ થતું માલુમ પડે છે, તેમજ ચંદ્રનું પ્રતિબિંબ જ્યાં પડે છે ત્યાં પ્રકાશ પડે છે અને શીતળતા સંભવે છે. આમ પ્રતિબિંબ યા તો વસ્તુની છાયાએ જૈન શાસ્ત્રાનુસાર પુદગળનાં સ્વરૂપો છે તેના માટે નીચેની ગાથા ઉપર આપનું લક્ષ ખેંચું છું.

**सद्दंधयार उज्जोअ पभा छाया तवेहिआ,**
**वण्ण गंध रस फासा पुग्गलाणं तु लक्खणं ॥१॥**

**અર્થઃ**–શબ્દ, અંધકાર, અજવાળું, પ્રભા ( કાંતિ દ્યુતિ ) છાયા, તાપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ સર્વ પુદ્ગલનાં લક્ષણો છે. માટે છાયા યાતો પ્રતિબિંબ

એ પણ જૈન શાસ્ત્રાધારે પુદ્ગલ છે તેથી તેનું અસતપણું સંભવતું નથી. ઘણા પરમાણુંઓનો સમુહ એકઠો થાય ત્યારે તે પીંડ રૂપે થયેલા પરમાણુંઓને પુદ્ગલ કહેવાય છે. તેના પરમાણુંઓ સદાકાળ **અસ્તિત્વપણું** ભોગવે છે તેવું જૈન શાસ્ત્રનું મંતવ્ય છે, દરેક દ્રવ્ય વસ્તુના પરમાણુ **સત્** છે માટે **માયા** તે પરમાણુંગ્રસ્ત છે તેનું અસ્તીત્વ સદા કાળથી છે અને રહેવાનું પણ છે. જૈનશાસ્ત્રાનુસાર છ દ્રવ્ય માનેલાં છે; **ધર્માસ્તિકાય, કાલઃ અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય.** અને ઉપચારથી **ઉત્પાદ વ્યય** અને ધ્રુવે કરીને જે **સત્** હોય છે તેને **દ્રવ્ય** કહે છે અર્થાત્ દ્રવ્યના પર્યાયનો ક્ષણે ક્ષણે-સમયે સમયે ઉત્પાદ વ્યય થયાં કરે છે અને મુળરૂપે વસ્તુ કાયમ રહે છે તેને દ્રવ્ય કહેવાય છે. જેવી રીતે સોનાના લોળીયાને ભાગીને કુંડળ કે અન્ય ચીજ બનાવી શકાય છે. અને તેમાં જેમ લોળીયાના પર્યાય Form નો વ્યય થયો ને કુંડળના પર્યાયરૂપે ઉત્પાદ થયો પરંતુ સોનું તો કાયમનું કાયમજ રહ્યું તેવીજ રીતે દરેક દ્રવ્યોના પર્યાયો બદલાય છે. મૂળ વસ્તુ કાયમજ રહે છે, તેનું કદિ **નાસ્તિત્વ** નથી. તેવીજ રીતે પુદ્ગલિક દ્રવ્યોમાં દ્રવ્યના પર્યાયનો જો કે ઉત્પાદ વ્યય થાય છે પરંતુ પરમાણું રૂપે તે **અસ્તિત્વ** ભાવને ભજે છે. માટે માયા તે સુક્ષ્મ પરમાણુંઓના પીંડભુત છે અને તેની કદિ **નાસ્તિ** નથી. જો કે તેને મુક્તિના સાધન માટે ત્યાગવાની જરૂર છે તેથી તે મિથ્યા છે એટલે નિરૂપયોગી છે, દુઃખના હેતુભુત છે, અક્ષય સુખને ટાલનારી છે માટે તે ત્યાગવા યોગ્ય છે એ સત્ય સૂર્યની પેઠે ઉજ્વળ છે પરંતુ તેથી કરી એમ કહેવા મથવું કે તેનું **અસ્તિત્વ નથી** એ ન્યાય પુરઃ સરતો નહિ ગણી શકાય. કોઇ વસ્તુ નકામી હોય, નિરૂપયોગી હોય પણ તેને **મૂલં નાસ્તિ કુતઃ શાખા**ની પેઠે તેના **અસ્તિત્વ**નું ઉન્મુલન કરવું તે યોગ્યતો ન કહી શકાય.

જૈન શાસ્ત્રાનુસાર ઇન્દ્રિયોદ્વારા **અર્થાવગ્રહ**, રૂપી પદાર્થો વિના બીજાનો થઇ શકતો નથી. તેની વ્યાખ્યા નીચે મુજબ છેઃ—

**શબ્દ રૂપાદિ અથવા તે માંહેલા અન્યતર ભેદ કરી અનિર્ધારિત સામાન્યરૂપ અર્થનું જે ગ્રહણ તેને અર્થાવગ્રહ કહે છે.** આ મુજબ કોઇપણ પદાર્થ ચક્ષુઇંદ્રીય જુએ છે તો તે તેને જોતાં વેંતજ **અર્થાવગ્રહ** થાય છે. ચક્ષુઇંદ્રીયને તે પુદ્ગલો અપ્રાપ્યકારી છે તેથી કરી બીજી ઇંદ્રીઓની માફક સ્પર્શતા નથી. તેથી તેનો **વ્યંજનાવગ્રહ** થતો નથી. આવીજ રીતે કોઇ પુરૂષ મનમાં **અવ્યક્ત** સ્વપ્ન દેખીને જાગે છે તેને સ્વપ્ન માંહે વસ્તુઓ સંભવે છે પરંતુ તે પણ પુદ્ગલો રસનાઇંદ્રીય વિગેરેની પેઠે મનમાં સ્પર્શતા નથી. પરંતુ તે પુદ્ગલો સ્વપ્નદ્વારા દેખાવાથી પણ તેનો **અર્થાવગ્રહ** થાય છે ત્યારબાદ **ઇહા, અપાય** અને **ધારણા** થાય છે. આ મુજબ રૂપી પુદ્ગલોને જોવાથી **વિચારણા** ને અવકાશ મળે છે. હવે જ્યારે આ રૂપી પુદ્ગલો છે તો તેને વસ્તુ નથી એ કેમ માની શકાય. જો વસ્તુ ના હોય તો વિચાર સંભવે નહિ પણ આતો રૂપી દ્રવ્યો—પુદ્ગલો, વિચારણાને ભજે છે માટે સ્વપ્નમાં પ્રતિભાસેલા પદાર્થોનું પણ સુક્ષ્મ પરમાણુંરૂપે **અસ્તિત્વ** સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. માટે આ દુનીયામાં કોઇપણ એવી વસ્તુ નથી કે જેનો સમુળગો નાશ હોય.

Nothing is lost in the world માટે માયા એ **અસત્** નથી પણ **પ્રકૃતિના** સુક્ષ્મ પરમાણુએ કરી **સત્** છે તેનું **અસ્તિત્વ** છે.

વળી કેટલાક શબ્દને પણ આકાશનો ગુણ કરી દ્રવ્ય તરિકેનું અસ્તિત્વ ઉડાવે છે, હવે વિચારો કે આકાશ તો અરૂપી છે ને શબ્દ પુદ્ગલ તો રૂપી છે તો તે અરૂપી વસ્તુનો રૂપી ગુણ શી રીતે સંભવી શકે ? માણસમાં ડહાપણ, વિવેક વિગેરે ગુણો દ્રશ્યમાન થઇ શકે છે વળી તે ગુણો એક સ્થળેથી બીજે સ્થળે શબ્દોની માફક જઇ શકશે ? એમ કોઇ માની શકશે ? શબ્દો એક સ્થળેથી બીજે સ્થળે જઇ શકે છે તે આપણે **ટેલીફોન, વાયરલેસ ટેલીગ્રાફી** વીગેરેથી અનુભવી શકીએ છીએ. તેમજ શબ્દોનાં પડેલાં પરમાણુંઓ **ફોનોગ્રાફ, ગ્રામોફોન** વીગેરે દ્વારા જાણી શકીએ છીએ. તો પછી અરૂપી આકાશનો શબ્દ ગુણ છે એ વસ્તુતઃ સિદ્ધ નથી પણ કલ્પના માત્ર ઠરે છે—

છેવટ સારમાં એટલુંજ જણાવવાનું કે વસ્તુઓની પ્રતિભાનો જે પ્રતિબિંબરૂપે યા પડછાયા રૂપે ભાસ થાય છે તે સઘળી સુક્ષ્મ પરમાણુંઓની આકૃતીઓરૂપે છે અને તે રૂપી છે, દ્રસ્ય છે, વર્ણ, રસ, સ્પર્શ, ગંધ સહિત છે માટે તે **સત્** છે. આવીજ રીતે માયામાં વ્યપદેશમાત્રપણે રહેલા પરમાણુંઓ સદા **અસ્તિત્વ** ભાવનેભજનારા છે માટે તેનું કદિ **અસત્**પણું સંભવતું નથી.

---

# સર્વ જીવદયા જ્ઞાન પ્રસારક ખાતાંને વિજ્ઞપ્તિ.

અમો આ ઉપરથી સર્વ જીવદયાજ્ઞાન પ્રસારક ખાતાંને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે અત્રેની બોર્ડીંગનો એક વિદ્યાર્થી નામે **ચીમનલાલ હરજીવન** ગામ વસોનો રહીશ બોર્ડીંગમાં ભણતો હતો તેને શક્કર જીલ્લા કરાંચીની ડીસ્પેન્સરીમાં સી. એમ. પી. નો ચાન્સ મળવાથી તે ત્યાં દાખલ થએલો છે. તેનો અહિં પત્ર આવેલો તેમાં તે લખે છે કે. " અત્રે એટલે શહેર શક્કરમાં લગભગ ઘણુંભાગે લોકો **મટન** ખાય છે અને બજારમાં પણ **મટન** જ્યાં ત્યાં નજરે પડે છે માટે માંસાહારથી થતા ગેરફાયદાની ચોપડી મોકલાવી આપવા કૃપા કરશો કે જેથી હું મારાથી બને તેટલો તે સંબંધમાં પ્રયત્ન આદરૂં તથા તે પુસ્તકનો સ્ટડી ( અભ્યાસ ) કરી મારી પાસે જે દવા લેવા આવે તેને **મટન**ના દોષ બતાવી વનસ્પતિનો આહાર લેવાની ભલામણ કરૂં." આ બાબતનો મુંબાઇ શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના સેક્રેટરી. **ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદને** પત્ર લખતાં તેમને જીવદયાને લગતું કેટલુંક સાહીત્ય અમારા પર મોકલાવેલું જે અમોએ ઉક્ત વિદ્યાર્થી બંધુને મોકલાવી આપ્યું છે. આ ઉપરથી સર્વ જીવદયા જ્ઞાન પ્રસારક ખાતાના વ્યવસ્થાપકો, હિમાયતિઓ અને જીવદયાના કામ માટે પોતાનો આત્મભોગ આપનાર રા. રા. લાભશંકર લક્ષ્મિશંકરનું ધ્યાન ખેંચીએ છીએ કે આ દેશની અંદર જો જીવદયાના જ્ઞાનનો પ્રસાર થાય તો ઘણા બિચારા નિરપરાધી પામરપશુઓ પારધીની જાળોમાંથી મરતા બચે ને લોકો સાત્વિક આહાર લેતાં શીખે જેથી તેમની જીંદગીનું સાર્થક થાય. અમારા સર્વ વાંચકવર્ગને અમે વિજ્ઞપ્તિ કરીએ છીએ કે જીવદયાના ખાતાને દરેક પોતાની શક્તિ અનુસાર મદદ કરશે. Mercy is double blessing દયા બેવડો ફાયદો કરે છે એ જગજાહેર છે. જે કરે છે તેને પણ ફાયદો છે ને જેના ઉપર થાય છે તેને પણ ફાયદો થાય છે માટે આવું ઉભય અર્થને પ્રાપ્ત કરનારૂં પરમાર્થ કરવા દરેક બંધુ પોતપોતાની શક્તિ અનુસાર જીવદયાનાં ખાતાંઓને મદદ કરશે અને દયાધર્મનો ફેલાવો કરવા મદદગાર થશે એવું ઇચ્છીએ છીએ.

---

# श्री जीवदया ज्ञान प्रसारक फंड

સર્વે જૈન બંધુઓને વિદિતજ હશે કે આ ખાતું હમણાં થોડો વખત થયાં હસ્તીમાં આવ્યું છે તેને થોડા વખતની કારકીર્દીમાં પણ જે અણમોલ શેવા બજાવી છે તે ખરેખર સ્તુત્ય છે. આને માટે **ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદ** કે જેઓ આ ફંડના નેતા છે તેઓને ધન્યવાદ ઘટે છે. તેઓ આ ખાતું ચલાવવા અંગત મહેનત લે છે તેમ સમયાનુસાર નાણાંની પણ મદદ આપે છે તેમજ અહીંથી તહીંથી નાણાં મેલવી પોતાથી બને એટલો જીવદયાજ્ઞાન પ્રસાર માટે પ્રયત્ન સેવે છે. એ તો ખરુંજ છે કે "આપ સમાન બળ નહિં ને મેઘ સમાન જળ નહિ" જો માણસો પોતાના શુભાશયો પાર પાડવા પોતાની જાત મહેનતને ખંતથી વળગી રહે છે અને ભાડુતી માણસો ઉપર તેના શુભાશયની પ્રાપ્તિનો આધાર રાખતા નથી તો તે અંતે ફાવે તેટલી મહેનતના ભોગે પણ પોતાની ધારેલી મુરાદો શકિત અનુસાર બર લાવી શકે છે. **ઝવેરી લલ્લુભાઈ**ના દાખલાનું અન્ય શ્રીમંતોએ અનુકરણ કરવું જોઇએ અને પોતે જે માતાની કુખે જનમ્યા યાનો જે ધર્મજનનીએ અમૃત પયપાન પાઇ ઉછેર્યા તેના ઉદ્ધાર માટે અહો રાત્રી પરિશ્રમ કરી ધર્મવાસનાનો ધોધ વિસ્તુત કરવો એ દરેક ધર્માભિલાષીઓની પ્રથમ ફરજ છે. આ ખાતા તરફથી માંસાહાર વિરૂદ્ધનાં હેન્ડબીલો બહાર પાડવામાં આવે છે તેમજ વનસ્પત્યાહારથી કેટલા કેટલા ફાયદા થાય છે, માંસાહારથી શા શા ગેરફાયદા છે, હિંસા એ કેવી નિર્દય અને કમકમાટી ઉપજાવનારી છે, ઢોર વિગેરેના રક્ષણથી દેશની કેવી આબાદાની થાય છે, તેને મારવાથી દેશને કેટલું નુકશાન છે, માંસભક્ષણ કરનારને રોગ વિગેરેના કેટલા ભય રહે છે, પશુ પક્ષીથી સૃષ્ટિની કેવી રમ્યતા છે વિગેરે જીવદયાને લગતું અવનવા રૂપમાં જ્ઞાન મળે તેના માટે પુસ્તકો છપાવી યોગ્ય સ્થળે મોકલાવી આપે છે. તે વિષયને લગતા વિષયોનાં પુસ્તકો, હેન્ડબીલો, જાહેરખબરો વિગેરે છપાવી વિના મુલ્યે વહેંચે છે તેમજપરીક્ષાઓની યોજના કરી પારિતોષિકો આપે છે. ઉપદેશકો મોકલી લોકોને તે માટેનો ઉપદેશ આપે છે. આ ખાતુ આવી રીતે પોતાની ફરજો બજાવે છે અમો આ સ્થળે તેમને જીવદયા જ્ઞાનની હિમાયતી કરનારૂં. **હેરલ્ડ ઓફ ધી ગોલ્ડન એજ** નામનું માસિક જે લંડનથી પ્રગટ થાય છે એવા રૂપમાં એક માસિક પત્ર કાઢવા ભલામણ કરીએ છીએ કે જેથી કરી જીવદયાના સંગિન, ઓછા ખરચે અને નિયમિતરીતે વિચારોની પુષ્ટિ કરવા એક ઉત્તમ સાધન થઇ પડશે અને તેથી ધારેલી મુરાદો સંગીનરીતે પાર પડશે અને જીવદયા જ્ઞાનનો પ્રસાર કરવામાં તે એક ઉત્તમ સાધન થશે એવું આમરૂ માનવું છે. છેવટ દરેક બંધુઓએ આ ખાતાને પોતાથી બનતી મદદ કરવી જોઇએ અને પામર મુગાં પશુઓને મરતાં બચાવી તેમને અભયદાન અપાવવું એ ખરા વીરભકત તરીકે ગણાતાની પ્રથમ અને આઇન ફરજ છે.

# मांस भक्षण संबंधी बाइबल शुं कहे छे.

## બરટ્રામકીના બનાવેલા માંસાહાર સબંધી બાઇબલના પુસ્તક ઉપરથી

( લેખક ધર્મચંદ દીપચંદ—અમદાવાદ જૈન બોર્ડીંગ. )

વર્તમાન સમયમાં કેટલાક એવા પણ ક્રિશ્ચીઅનો છે કે જેઓ અડચણોના સમયમાં બાઇબલને આશ્રયનું સ્થાન ગણે છે અને જો કે સામાન્ય બાબતમાં તેની ગણના કરતા નથી પરંતુ કોઇપણ મતવિરૂદ્ધ અને અવિચારી કાર્ય થવાથી જ્યારે કોઇ તેમની સામું થાય છે ત્યારે તેઓ બાઇબલનોજ આશ્રય લે છે અને તેમાંથી પોતાના મતને અનુસરતાં તત્વો

મેળવી તેમને સાબીત કરવા તત્પર થાય છે. તેઓની આ પ્રકારની રીતથી બાઇબલ અવતરણોના શબ્દકોષરૂપ થઇ જાય છે.

જ્યારે કોઇ પણ મનુષ્ય પોતાનાં આચરણ માટે રીતરિવાજ સિવાય બીજા કોઇ પણ પુસ્તકોમાંથી અવતરણો કાઢી પોતાના આચરણની સાબીતી તરીકે રજુ કરે છે અને તે પુસ્તક દૈવી છે તેથી મનુષ્ય ટીકાને યોગ્ય નથી એમ કહે છે. આનું પરિણામ એ આવે છે કે તે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી શકતો નથી અને પોતાના વર્તન અને રીતભાતમાં ફેરફાર કરતો નથી. આવા મનુષ્યને **હું શું કાર્ય કરૂં છું એવો વિચાર થતો નથી** પરંતુ **હું જે કાર્ય કરૂં છું તે કેવી રીતે સાબીત થાય** એવા વિચારો થાય છે અને તેને માટેજ યત્ન કરે છે જે કંઇક અંશે પાર પણ પડે છે.

આહારમાં અનીતિ સેવવાથી હજારો મનુષ્યો તેના પૂરમાં તણાઇ જાય છે એમ જાણ્યા છતાં પેલો પુરૂષ આ નિયમની વિરૂદ્ધ પડી અને તેની વિરૂદ્ધ કારણો ને સાબીતીઓ લાવી પોતાની પડેલી ટેવને સત્ય કરવા યત્ન કરે છે.

મનુષ્યનું શારીરિક બંધારણ અને સ્વભાવ તદ્દન અન્નાહારથીજ બંધાવો જોઇએ એવું **વિજ્ઞાનશાસ્ત્ર** નિઃશંકપણે કબુલ કરે છે.

**ઇતિહાસ** કહે છે કે મનુષ્યનો ખોરાક પૃથ્વી ઉપર થતાં ફળનો હોવો જોઇએ અને તેની અસર કેવી પ્રબળ છે તે દરેક કાળના અન્નાહારિઓનાં પ્રમાણો મૂકી સાબીત કરે છે.

વિના કારણે નિર્દોષ ચૈતન્ય પ્રાણિઓનો જીવ લેવો તે એક અનીતિ છે, એવી **નીતિશાસ્ત્ર** પ્રરૂપણા કરે છે.

**આરોગ્યશાસ્ત્ર** પણ કહે છે કે માંસાદિમાં સડો પડે છે અને તેમાં દુર્ગંધ ઉત્પન્ન થાય છે તેથી કરી તેનાથી દુર રહેવું જોઇએ.

તે ઉપરાંત દયાની-દૃષ્ટિથી જોઇએ તોપણ માલુમ પડે છે કે જીવહત્યા એ ક્રુરતા અને અધોગતિનું મૂળ છે. આવી રીતે અનેક શાસ્ત્રો એક મતે માંસાહારથી અલગ રહેવાનું ફરમાન કરે છે. આમ દરેક શાસ્ત્રો માંસભક્ષણ નહિ કરવામાં સંમ્મત હોય ને જ્યારે તે ક્રિયા કરવાનું કોઇ **ધર્મના તત્વો** ઉપદેશ કરે તો તે ખરેખર **ભયંકર** અને **આશ્ચર્ય જનક** છે.

જે બાઇબલના અનુયાયીઓ માંસાહારનો પક્ષ લેછે તેઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે એવા પ્રકારના આચરણથી જે ધર્મને પોતાના જીવના અંગ તરીકે ગણે છે તે તેમની દ્રષ્ટિએ દુષિત કરે છે એટલુંજ નહિ પરંતુ તેમની **પ્રમાણપોથી-બાઇબલને** પણ કલંકિત કરે છે.

આ માંસાહારનો પક્ષકાર જે પ્રમાણોથી તે સાબીત કરે છે તે પ્રમાણો (બાઇબલાદિ) માં જ્યારે આપણે પ્રવેશ કરીએ છીએ ત્યારેજ આપણને માલુમ પડે છે કે તે પોતાની પડેલી ટેવોનું (માંસાહાર ઇત્યાદિ) સંરક્ષણ કરવામાંજ દૃઢ હોય છે અને વાસ્તવિક તત્વશું છે તેની ભાગ્યેજ તે તપાસ કરે છે. બાઇબલ સ્પષ્ટ શબ્દોમાં માંસાહારનો પ્રતિકાર કરતુ ન હોવાથી અને કોઇક સ્થળે તો માંસાહારને અનુમોદતુ હોય એવાં અવતરણો મલી આવવાથી પેલો બાઇબલનો અનુયાયી તેનો યોગ્ય લાભ લે છે પરંતુ તે માણુસ વિચાર કરતો નથી કે ઘણા એવા પણ દુરાચારો છે કે જેને વિષે બાઇબલમાં કાંઇપણ કહ્યું નથી અથવા પ્રતિકાર કર્યો નથી છતાં પણ બુદ્ધિશાળી પુરૂષ ભાગ્યેજ તેનેઆચારમાં મુકશે.

( અપૂર્ણ. )